# બહાદુર ગોવાળિયો



લેખક : મેક્સ બોલિંજર

અનુવાદક : ભગવતપ્રસાદ ચૌહાણ

1 BGB2

બાલસાહિત્ય શ્રેણી

પુસ્તક-૧

# બહાદુર ગોવાળિયો

લેખક : મેક્સ બોલિંજર

અનુવાદક : ભગવતપ્રસાદ ચૌહાણ

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

: પ્રકાશક :

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

સાહિત્ય સેવા સદન, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

◆ બહાદુર ગોવાળિયો

*બાલસાહિત્ય શ્રેણી, પુસ્તક-૧*


◆ લેખક :

મેક્સ બોલિંજર



◆ બીજી આવૃત્તિ : જાન્યુઆરી, ૨૦૦૪

◆ નકલ : ૧૦૦૦

◆ મૂલ્ય : રૂ. ૩૦-૦૦

◆ *પ્રકાશક :*

**ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી**

સાહિત્ય સેવા સદન,

ગુજરાત કોલેજ પાસે, એલિસબ્રિજ,

અમદાવાદ-૩૮૦ ૦૦૬.

◆ *મુદ્રક :*

**જેન્સન કોમ્પ્યુટર્સ,**

૨, મહાવીર એસ્ટેટ, ભગત ધાણાદાળ સામે,

ખોખરા, અમદાવાદ-૩૮૦ ૦૦૮.

ફોન : ૩૦૯૧૩૦૫૭

# બહાદુર ગોવાળિયો

સ્વ. પિતાશ્રી ફીનહાસ ગીડીયન ક્રિશ્ચિયનની
પ્રેમભરી યાદમાં પુત્ર
ચિ. રોય પીયુષ ફીનહાસ તરફથી
આ પુસ્તક છાપવાનો તમામ ખર્ચ
સપ્રેમ ભેટ તરીકે આપવામાં આવેલ છે.



## સ્વ. ફીનહાસ ગીડીયન ક્રિશ્ચિયન

જન્મ : ૨૯-૧૧-'૩૭ મૃત્યુ : ૭-૧૦-'૦૩

અતિઘણાં પ્રેમાળ અને ધાર્મિક માતુશ્રી સ્વ. વિદ્યાગૌરી ગીડીયન ક્રિશ્ચિયન અને પિતાશ્રી સ્વ. ગીડીયન જોનભાઈ ક્રિશ્ચિયનના તેઓ સુપુત્ર. જિંદગીના અંત સુધી પ્રભુની બીકમાં રહી, વડીલો સાથે સુવાર્તા પ્રચારના કાર્યમાં તેમજ પિતાજી સાથે કાર્ડઝ બનાવી અનાથ બાળકોને મદદરૂપ થવાના કાર્યમાં સહભાગી થયાં હતા. પ્રભુ તરફથી કૃપાદાનમાં મળેલાં વ્હાલસોયાં ત્રણ પુત્રોનાં શ્રેષ્ઠ પિતા અને ઉત્તમ માર્ગદર્શક હતા. સર્વિસ દરમ્યાન પોતાની ફરજ સંસ્થાને વફાદાર રહી નિષ્ઠાપૂર્વક પૂર્ણ કરી હતી. તેઓ સ્વભાવે અતિપ્રેમાળ, દયાળુ, નિઃસ્વાર્થી, ઉદાર, શાંતિપ્રિય અને સહનશીલ હતા. બાઈબલના ઊંડા અભ્યાસી વિશાળ વાચન દ્વારા મેળવેલું જ્ઞાન, સમજણ અન્યને વહેંચતા અને ચર્ચા કરવામાં ઘણો રસ લેતા હતા. ભરપૂર આશીર્વાદિત જીવન પૂર્ણ કરી સિયોન દેશ ગયા છે. હૃદયનાં ઊંડાણથી પ્રભુનો આભાર માનતાં.

પ્રેમભરી યાદમાં દિકરા.<br>
ચિ. પીયુષ (રાજુ)<br>
તરફથી.

# બે બોલ...

બાળ સાહિત્ય શ્રેણીનું આ પ્રથમ પુસ્તક ખરેખર યોગ્ય પસંદગી જ છે. શીર્ષક સરળ અને બાળકો સમજી શકે તેવું પસંદ કરવામાં આવ્યું છે. પુસ્તકની શરૂઆતથી જ પુસ્તક તેના વાચકોને પકડી રાખે છે. દાઉદનું સમગ્ર જીવન આગવી શૈલીમાં રજૂ કરવામાં આવ્યું છે.

દાઉદના જીવનની ભવ્યતા અહિ રજૂ કરવામાં આવી છે. ઈશ્વરે કેવી રીતે દાઉદને પસંદ કર્યો અને કેવી રીતે તમામ સંજોગોમાં તેની મદદ કરી, તે પણ સરળશૈલીમાં રજૂ કરેલ છે. બાઈબલમાના દાઉદના જીવનને એક સરળ તથા સળંગ વાર્તાના સ્વરૂપે રજૂ કરીને ખૂબ જહેમત ઉઠાવી છે.

વળી ગુજરાતી ભાષામાં મૂકવાનું કામ ખરેખર યોગ્ય વ્યક્તિએજ કર્યું છે. જેટલી વાત લેખકે સરળતાથી રજૂ કરેલ છે તેટલી જ સરળ રીતે ભગવતપ્રસાદ ચૌહાણસાહેબે ગુજરાતીમાં રજૂ કરેલ છે. તેથી વિશેષ બાળકોને રસ પડે તેવી રીતે રજૂ કરવામાં આવેલ છે. લેખકે રેખાચિત્રો મૂકીને વિષયવસ્તુને વધુ વજનદાર બનાવેલ છે.

તેથી લેખક અને અનુવાદક બન્ને આપણા અભિનંદનના અધિકારી બને છે. બીજી આવૃત્તિ પ્રસંગે તમારા હાથમાં - વિશેષ બાળકોના હાથમાં આ પુસ્તક મૂકતાં આનંદની લાગણી અનુભવું છું.

પ્રભુ તેના વાચકોને દાઉદના જીવન દ્વારા કેવી રીતે તે ઈશ્વરનો મનગમતો વ્યક્તિ બની શક્યો તે સમજવા કૃપા આપે એજ પ્રાર્થના તથા શુભેચ્છા છે.

આ પુસ્તકના પ્રકાશન પેટે શ્રી પીયુષભાઈ ફિનહાસભાઈ રોય

તરફથી સ્વ. દાદાજી ગીડીયન જોનભાઈ ક્રિશ્ચિયન અને સ્વ.બા. વિદ્યાગૌરી ગીડીયન ક્રિશ્ચિયનની પ્રેમભરી યાદમાં પૂરો ખર્ચ મળેલ છે. ઉદાર દાન માટે તેઓના આભારી છીએ.

સાહિત્ય સેવા સદન
એલિસબ્રિજ,અમદાવાદ-૬.
જાન્યુ. ૨૦૦૪

પ્રેમભાવથી,
(રેવ.) હેમંતકુમાર જે. પરમાર
*સેક્રેટરી*

# ૧: બહાદુર ગોવાળિયો

## (રાક્ષસને હણનાર)

આઠ ભાઈઓમાં દાઉદ સૌથી નાનો. માબાપનો લાડકો. એના પિતા ભરવાડ કે ગોવાળિયા. એમની પાસે સેંકડો ઘેટાંબકરાંનો ખજાનો. એના ભાઈઓ ઘેટાંબકરાં ચરાવવા દૂર દૂરના વનવગડામાં જાય. હવે દાઉદ પણ પિતાનાં ઘેટાં સાચવી શકે તેવો મોટો થયો હતો. પણ એની માની દૃષ્ટિમાં તે હજુ પણ બાળક જ હતો. તેથી દાઉદને વનવગડામાં મોકલવા તેની મા તૈયાર નહોતી.

"હજુ તો મારો દાઉદ બાળક જ છે. તેને હજુ એક વર્ષ ઘરમાં રહેવા દો. ઘરમાં તો બીજા સાત દીકરાઓ છે. ગમે તેને મોકલો. પણ દાઉદને રહેવા દો." દાઉદની માએ એના બાપુજીને કહ્યું.

"દાઉદની મા, દાઉદને પણ પોતાની કેમ સંભાળ લેવી તે શીખવું પડશે. વનવગડો જેટલું શીખવશે તેટલું હવે તું કે હું નહિ શીખવી શકીએ," દાઉદના પિતાએ દાઉદનો ખભો થાબડતા કહ્યું.

સૌથી મોટા ભાઈનું નામ એલિયાબ હતું. તે દાઉદને પોતાની સાથે ઘેટાં ચરાવવા દૂર દૂરના વગડાઓમાં લઈ જવાનો હતો. હવે દાઉદ અઠવાડિયાઓ સુધી પાછો નહિ આવે.



દાઉદના સ્નેહાળ મા એને જતો જોવા માટે બારણામાં ઊભાં હતા. દાઉદ પણ પાછું વળી વળીને જોતો હતો. દાઉદની માની આંખોમાં આંસુ મોતીની જેમ ચમકતાં હતાં. દાઉદનું હૃદય પણ ભરાઈ આવ્યું, પણ મોટા ભાઈની સામે તે રડવા માગતો નહોતો.

ઘેટાંબકરાંના ટોળા પાછળ બંને ચાલ્યા. હવે તો જ્યાં જ્યાં નજર પડે ત્યાં દૂર દૂર સુધી વગડો દેખાતો હતો. ટેકરીઓ અને ઢોળાવો, લીલાં ખેતરો દેખાતાં હતા. ખડકાળ ધરતી પર ઊભેલાં વૃક્ષો આ નવા ગોવાળિયાને આવકારવા માટે પોતાની ડાળીઓ હલાવતા હતાં.

હવે દાઉદનું ગામ બેથલેહેમ દેખાતું નહોતું. બંને ભાઈઓ આગળ ચાલતા રહ્યા. બે ત્રણ દિવસ પસાર થઈ ગયા. ખડકોની ધારમાં પથ્થરો ગોઠવીને બાંધેલી ઝૂંપડીઓ આવી. દાઉદના ભાઈઓએ તે બાંધી હતી. દાઉદને તેની ગુફા જેવી ઝૂંપડી બતાવી, મોટા ભાઈ આગળ ચાલ્યા. જીવનમાં પહેલી વાર દાઉદ માબાપ અને ભાઈઓથી એકલો પડયો, વિખૂટો પડયો.

દાઉદે પહેલાં તો પોતાનાં ઘેટાં બકરાં ગણ્યાં. નાનાં બચ્ચાંને વ્હાલથી પંપાળ્યાં. હવે એક પણ ખોવાવું ન જોઈએ; એની જવાબદારી શરૂ થઈ ગઈ હતી.

સાંજે દાઉદ ગુફા જેવી પોતાની ઝૂંપડીમાં ગયો. પ્રવેશ દ્વારમાંથી થોડુંક અજવાળું આવતું હતું. બારીઓ પણ ન હતી. હવે એણે અંધારાથી ટેવાવું પડશે.





તેણે ઝૂંપડીમાં પરાળ પાથર્યું. પરાળ ઉપર એક કપડું પાથર્યું. એની માએ બકરાના ઊનમાંથી આ કપડું ગૂંથ્યું હતું, સૂતા પહેલાં તે જમવા બેઠો. દુનિયાના ભરવાડ કે ગોવાળ સૃષ્ટિના એવા પ્રભુ પાસે માથું નમાવ્યું. જમવામાં સૂકી રોટલી, સૂકવેલું માંસ અને ઘેટીનું દૂધ હતું. તેણે પથારી પાસે પોતાની ચામડાની ગોફણ અને વીણા મૂક્યાં. ખૂણામાં પોતાની વાંકલી લાકડી ગોઠવી.

પહેલીવાર તે એકલો સૂતો હતો, અને તે પણ અંધકારમાં. તે અંધકારને તાકી રહ્યો. એને થોડોથોડો ડર લાગતો હતો. દૂર કોઈ વરુની લાળી સંભળાઈ. દાઉદે પોતાની ગોફણ સંભાળી. ગોફણ અને ભરવાડની લાઠી જ તેનાં એકમાત્ર હથિયાર હતાં.

ધીમેધીમે દાઉદ પોતાના નવા જીવનથી ટેવાઈ ગયો. એને કેટલું બધું શીખવાનું હતું ? પવનની દિશા કેવી રીતે પકડવી એ તે શીખ્યો. સૂર્યની સ્થિતિ ઉપરથી સમય નક્કી કરવાનું પણ તે શીખ્યો. હવામાન ક્યારે બદલાઈ જશે એ પણ ધીમે ધીમે જાણી શક્યો. જોખમોનો અણસાર પણ તેને આવી જતો. એ પોતાના ટોળાના પ્રત્યેક ઘેટાને અને બકરાને હવે ઓળખતો હતો. લગભગ બધાનાં તેણે જુદાં જુદાં નામ પડયાં. ઘેટાં બકરાં પણ તેનો સાદ ઓળખતાં. કોઈવાર તો કોઈ ગીતની લઢણમાં તે બચ્ચાંને - લવારાંને બોલાવતો.

દિવસે તે પોતાની ગોફણથી પ્રેક્ટિસ કરતો. સતત પ્રેક્ટિસ કરતો. જુદાં જુદાં નિશાનો મૂકી તે પાસે અને દૂર કેવી રીતે નિશાન લેવું તે પણ શીખી ગયો. હવે શકરાબાજની જેમ તે ધાર્યું નિશાન તાકી શકતો. તેની આંખો હવે અંધારામાં પણ જોતી. તેનાં કાન નાનામાં નાનો અવાજ પકડી પાડતા.

તે બપોરે કોઈ વૃક્ષની છાયામાં આરામ કરતો. તે આકાશમાં વાદળોને પસાર થતાં જોતો ને પોતાની જાતને વાર્તાઓ કહેતો. તે ઝરણામાંથી ગોળ ને લીસા પથ્થરો લેતો અને ધારે તે નિશાન તાકતો. સૂર્યની ગરમીથી એનો ચહેરો પણ વધુ ચમકતો થયો હતો.

એકલવાયું લાગતું ત્યારે તે પોતાની વીણા વગાડતો. ઝરણાના તાલ સાથે સૂર મિલાવતો. જે ગીતો એની વ્હાલસોઈ માતાએ શીખવ્યાં હતાં તે વગાડતો, પોતે પણ નવાં બનાવતો. ગીતો જાણે એના હૃદયમાં આપોઆપ પ્રગટતાં હતાં.

એક દિવસ એક માણસ દાઉદના ટોળાં તરફ દોડતો આવ્યો, દાઉદે એને ઓળખવા પોતાની આંખ પર છાડલી કરી. "ઓહ ! આ તો તેનો એક ભાઈ શામ્માહ છે !"

દાઉદ તેને મળવા દોડયો.

"આવો ભાઈ," તેણે કહ્યું, દૂરથી જ શામ્માહે કહ્યું, "દાઉદ, તારે તાત્કાલિક ઘેર આવવાનું છે. મહેમાન આવ્યા છે."





એ મહેમાન કોણ હશે ? દાઉદે ઘેટાંબકરાં છોડીને તરત જ જવાનું હોય તો એ અગત્યના મહેમાન હોવા જોઈએ. ટોળાંને એક ભરવાડને સોંપી બંને ઊપડયા.

રસ્તામાં શામ્માહે કહ્યું, "આપણે ઘેર શમૂએલ આવ્યા છે. તેમણે તને તેડાવ્યો છે. તે તને મળવા માગે છે."

દાઉદ ચમક્યો.

એણે શમૂએલ વિશે સાંભળ્યું હતું. તે ઘણા વૃદ્ધ હતા. બધા તેમને માન આપતા. રાજા પણ તેમનો આદર કરતાં. શમૂએલ ઈશ્વરની વાણી સાંભળી શકતા. શમૂએલ પ્રભુના સંદેશાવાહક હતા.

આખા કુટુંબ માટે કેવું મોટું માન ! કેવો ધન્ય દિવસ !

પણ દાઉદને ચિંતા થતી હતી. પોતાના ભરવાડનાં કપડાં પહેરીને તે પ્રબોધક પાસે કેવી રીતે જશે ?

શમૂએલ દાઉદના ઘરની બહાર ઊભા હતા. તેમના સફેદ લાંબા વાળ સૂર્યપ્રકાશમાં ચમકતા હતા. ચહેરા પર કરચલીઓ હતી. તે કમરેથી વાંકા વળી ગયેલા હતા.

શમૂએલ દૂરથી આવતા દાઉદને જોઈ રહ્યાં. તેમણે પોતાની લાકડીનો વધારે આધાર લીધો. એમનું હૃદય આશાથી ભરપૂર હતું. તેમનું હૃદય ઊંડા કૂવા જેવું હતું. પરંતુ તે જે જોતા તેનાથી નિર્ણય કરતા નહોતા. તેઓ માત્ર ઈશ્વરની વાણી સાંભળવાનો પ્રયત્ન કરતાં.



તેમણે ઈશ્વરનો અવાજ સાંભળ્યો. તે વાણીએ કહ્યું : "આ તે જ છે."

દાઉદ વૃદ્ધ પ્રબોધક પાસે ઘૂંટણે પડયો. તેણે પ્રબોધક શમૂએલના ફરફરતા ઝભ્ભાને ચુંબન કર્યું.

શમૂએલે દાઉદના માથા ઉપર પોતાના હાથ મૂક્યા. તેમણે પોતાના તેલની કુપ્પી ઉઘાડી અને ઘૂંટણે પડેલા દાઉદના માથા ઉપર તેલ ચોળ્યું.

શમૂએલને ઈશ્વરની યોજનાની ખબર હતી. તે જાણતા હતા કે, ઈશ્વર દાઉદને ઈઝરાયલનો રાજા બનાવશે. જો કે એમાં ઘણો સમય લાગશે.

શું બન્યું છે તે સમજયા વગર દાઉદ પોતાનાં ઘેટાંબકરાં પાસે પાછો ગયો. પણ એણે એટલું જરૂર જાણ્યું કે, એ હવે અંધકારથી કે જંગલના હિંસક પશુઓથી જરા પણ ડરશે નહિ. એ નિર્ભય છે.

ઈશ્વર એના હૃદયમાં જીવંત છે.

દાઉદના આનંદને કોઈ સીમા ન રહી. આનંદ વ્યક્ત કરવા એણે પોતાની વીણા લીધી.

રાત્રિનો સમય હતો. દાઉદ ઊંઘતો હતો. અચાનક કોઈ અવાજથી તે જાગી ગયો. ઘેટાં બકરાં બેચેન લાગતાં હતાં. આગળના અંધકારમાં શું બની રહ્યું છે તે જાણવા દાઉદે પોતાના કાન સરવા કર્યા. તેણે ગભરાઈ ગયેલા હલવાનનો (ઘેટાના બચ્ચાનો) અવાજ સાંભળ્યો.



હલવાન જાણે કોઈ જીવલેણ આફતમાં ફસાઈ ગયું હતું.

દાઉદ કૂદકો મારીને ઊભો થયો ને લાકડી લઈ ઝૂંપડી બહાર દોડી ગયો.

ઘેટાના ટોળામાં સિંહ હતો ! તેણે પોતાના તીક્ષ્ણ દાંતથી એક હલવાનને પકડયું હતું અને તે તેને ઊંચકી જવાનો પ્રયત્ન કરતો હતો. દાઉદ વિચારવા માટે ક્ષણભર પણ થોભ્યો નહિ. તે સિંહની પાછળ દોડયો, તેણે સિંહને પકડયો અને બેં બેં કરતાં ઘેટાંના બચ્ચાને તેની પાસેથી છીનવી લીધું.

સિંહે ગર્જના કરી. તેણે દાઉદ પર હુમલો કર્યો. સિંહે પોતાના વિકરાળ પંજાથી દાઉદ પર પ્રહાર કર્યો. દાઉદે લથડિયું ખાધું. સિંહ તેના ઉપર કૂદી પડયો. દાઉદને સિંહના મોંમાંથી આવતો ગરમગરમ ઉચ્છવાસ સ્પર્શતો હતો. બચેલી શક્તિ વડે દાઉદે પોતાની ભરવાડની વાંકલી લાકડી સિંહના મોંમાં જુસ્સાભેર ખોસી દીધી. બંને એકબીજા ઉપર ગબડતા રહ્યા. લડાઈ લાંબો સમય ચાલી. દાઉદનો દુશ્મન શક્તિશાળી હતો. દાઉદ પણ કંઈ કમ નહોતો ! આ ભયંકર સાવજ તેના પગ પાસે મૃત્યુ પામ્યો નહિ, ત્યાં સુધી દાઉદે પોતાની ખૂનખાર લડાઈ ચાલુ રાખી.

દાઉદના મોં પરથી પરસેવાના રેલા ઉતરતા હતા. તે લોથપોથ થઈ ગયો હતો. કપડામાંથી લોહી ઝમતું હતું. સિંહે તેને ઘાયલ કર્યો હતો. દાઉદે મૃત્યુ પામેલ વનરાજ સામે આશ્ચર્યથી જોયું. પછી હજુય ધ્રૂજતા હલવાનને તે તેની મા પાસે

લઈ ગયો. ઘેટી બચ્ચાને આખે શરીરે ચાટવા લાગી. હલવાન બચી ગયું હતું.

દાઉદ પોતાની પથારી પર મુશ્કેલીઓથી સૂતો. સૂતા પહેલાં તેણે પોતાના ઘા પર રૂઝાવનાર ઔષધો લગાડયા. તે જાણતો હતો કે ઈશ્વરે જ તેની મદદ કરી છે. ઈશ્વરનો આભાર માનવાનું તે ભૂલ્યો નહિ.

સમય પસાર થતો હતો.

એક દિવસે કેટલાક ઘોડેસ્વારો દેખાયા. વગડામાં ઘોડા દોડાવતા ઝડપથી તેઓ દાઉદની ઝૂંપડી પાસે થોભ્યા. તે તો રાજાના લશ્કરના સૈનિક હતા. પોશાક ને હથિયારો પરથી દાઉદે તેમને ઓળખી કાઢયા. તેણે તેમને આવકાર આપ્યો અને તેમને રોટી અને પનીરનો નાસ્તો આપ્યો.

સૈનિકોના સરદારનું નામ હતું આબ્નેર. તેણે પૂછ્યું, "શું તારું નામ દાઉદ છે ? તું બેથલેહેમના ઈશાઈનો સૌથી નાનો દીકરો છે ? શું તેં જ સિંહને મારી નાખ્યો હતો ? શું તું બીજા કોઈ ગોવાળ કરતાં વધુ સરસ રીતે વીણા વગાડી જાણે છે ?"

ઉપરાછાપરી પુછાયેલા આ પ્રશ્નોના જવાબમાં દાઉદે સ્મિત કરીને કહ્યું, "જી, મારું નામ દાઉદ છે."

ઘોડેસ્વારો પોતાના ઘોડા પરથી નીચે ઊતર્યા. ઘોડાને તેમણે ચરવા માટે છૂટા મૂક્યા અને પોતે જમીન પર બેઠા.

દાઉદ દોડીને પોતાની વીણા લઈ આવ્યો. હવે તેને કોઈનો ડર નહોતો. સિંહનો નહિ કે રાજાના સૈનિકોનો નહિ. તે વીણા





વગાડવામાં એટલો તલ્લીન બન્યો કે, આસપાસ બેઠેલા સૈનિકોને પણ ભૂલી ગયો.

વીણાનું સુમધુર સંગીત સાંભળી સૈનિકો મંત્રમુગ્ધ બની ગયા. કેવું અદ્‌ભુત હતું આ જુવાન ભરવાડનું વીણાવાદન ! આસપાસના વૃક્ષો પણ સુરના જાદુગર એવા આ ગોવાળિયાને જાણે તાલ આપી ડોલતાં હતાં !

"આ જ તે માણસ છે," ટુકડીના સરદારે કહ્યું, "આ વહેતા ઝરણાના કલકલ સંગીત કરતાંયે તેનું ગીત વધુ દિલચશ્પ છે, મનને જકડી રાખે તેવું ચિત્તચોર છે, દુનિયાનું ભાન ભુલાવી દે તેવું મોહક છે !"

દાઉદને 'આવજો' કહીને આબ્નેર તેના સૈનિકોને બેથલેહેમ લઈ ગયો. તે દાઉદના ઘર પાસે થોભ્યો.

સૈનિકોને જોઈ દાઉદના બાપુજી થોડા ચમક્યા, પણ આબ્નેરે કહ્યું, "મુરબ્બી, અમે દાઉદને રાજા શાઉલ પાસે લઈ જવા આપની રજા લેવા આવ્યા છીએ. એકમાત્ર દાઉદ જ રાજાને શાંત રાખી શકે તેમ છે, તેના સંગીતમાં જાણે જાદુ છે! કોઈ અગમ્ય શક્તિ છે. તેણે એકલે હાથે સિંહને પણ મારી નાખ્યો છે. તમારો દીકરો બહાદુર છે. ઈશ્વર તેના દિલમાં વસે છે. ઈશ્વરે તમને કેટલો મોટો આશીર્વાદ આપ્યો છે !"

આ શબ્દોથી દાઉદના બાપુજીની મૂંઝવણ વધી ગઈ. આ તો દાઉદને રાજમહેલમાં લઈ જવાની વાત હતી. રાજાની



હજૂરમાં ઊભા રહેવાનું હતું અને 'રાજા, વાજાં અને વાંદરા' એ મતલબની કહેવત પણ તે જાણતા હતાં. છતાં તે સૈનિકોના સરદારને ના કહી શકે તેમ નહોતા. સરદાર તે રાજાનો સંદેશાવાહક હતો. રાજાની વિનંતી એટલે રાજઆજ્ઞા.

તેમણે વિચારીને કહ્યું, "સારું, હું તેને બોલાવીશ અને તેને રાજા પાસે મોકલીશ."

સૈનિકોના અશ્વોને જતા જોઈને દાઉદના બાપુજી ઊંડા વિચારમાં ડૂબી ગયા. એમને મન તો દાઉદ હજુયે બાળક જ હતો. વાત વાતમાં ગુસ્સે થઈ જતા રાજાની હજૂરમાં દાઉદ કેવી રીતે ઉભો રહી શકશે ? ઈશ્વરના ઈરાદાઓને સમજવાનું દાઉદના બાપુજી માટે મુશ્કેલ હતું.

બીજીવાર દાઉદે પોતાના ભાઈઓ અને માબાપની રજા લીધી. આ વખતે તેના હૃદયમાં અવનવી લાગણીઓ ઊભરાતી હતી.

તેણે પોતાનાં સૌથી સુંદર વસ્ત્રો પહેર્યાં. એના પિતાએ ઉત્તમ ઓલાદનું ગધેડું પસંદ કર્યું. તેના ઉપર રાજાને માટે ભેટો હતી. ભેટોમાં ઘેટાંનું ઊન, તાજી રોટી અને જૂનો દ્રાક્ષારસ વગેરે હતા.

દાઉદે પોતાની વીણાને પણ સુંદર રીતે સજાવી. તેના ઉપર વાદળી પટ્ટો બાંધ્યો.

શું રાજા તેને પાછો મોકલી દેશે ? એની માતા તો એવું જ ઇચ્છતાં હતાં.

એના ભાઈઓ થોડા અહોભાવથી, થોડી ઈર્ષ્યાથી, થોડા આનંદથી દાઉદને જતો જોઈ રહ્યા.

દાઉદે આખો દિવસ મુસાફરી ચાલુ રાખી. અનાજનાં ખેતરો, ડુંગરાઓ, દ્રાક્ષાવાડીઓ, જૈતુન વૃક્ષોની હારમાળા વટાવી. તે આગળ વધતો ગયો. તે ગિબાના શહેરમાં પહેલાં કદી ગયો નહોતો. દૂરથી શહેરનો ઊંચો કોટ અને રાજમહેલના ચમકતા મિનારા દેખાવા લાગ્યા. તે હવે રાજધાનીની છેક નજીક આવી પહોંચ્યો હતો.

એને રાજમહેલમાં કેવા અનુભવો થશે ?

તે એક ઝરણાના કાંઠે બેઠો. રાજા કેવા દેખાતા હશે તેની તેણે કલ્પના કરી. રાજા ઊંચા, મજબૂત અને ખડતલ હોવા જોઈએ. પ્રજાજનો રાજાની બહાદુરી અને હિંમતની પ્રશંસા કરતા. એમણે દુશ્મનો સામે ઘણાં યુદ્ધોમાં વિજય મેળવ્યો હતો. ઈશ્વરે રાજાને વારેવારે મદદ કરી હતી. રાજા શાઉલ તો ઈઝરાયલી પ્રજાના પ્રથમ રાજા હતા. બધા ઈઝરાયલીઓમાં તે સૌથી ઊંચા માણસ હતા. તે લડાઈમાં હંમેશાં મોખરે રહીને લડતા. તેમનામાં ભયનું નામનિશાન નહોતું.

દાઉદને તેના પિતાએ રાજાનાં વીરતાભર્યા પરાક્રમોની વાત કરી હતી. હવે આવા બહાદુર નરસિંહને મળવાનું હતું. દાઉદને થોડો ગભરાટ થયો. એને થયું કે, રાજમહેલ કરતાં એનો વગડો ને એની ઝૂંપડી સારાં.

સાંજ ઢળતી હતી. ડૂબતા સૂર્યના પ્રકાશમાં રાજમહેલના મિનારા ચમકતા હતા. દાઉદ રાજમહેલ પાસે પહોંચ્યો. મહેલના લોખંડી દરવાજા બંધ હતા.

"મારે રાજાસાહેબને મળવાનું છે."

"કોણ છે તું ?"

"ભરવાડ છું."

"રાજાસાહેબને તારા જેવા ભરવાડનું શું કામ પડયું ?" ચોકીદારોએ પૂછ્યું.

"મારું નામ દાઉદ છે. હું બેથલેહેમના ઈશાઈનો સૌથી નાનો દીકરો છું. રાજાસાહેબ માટે ભેટો લાવ્યો છું, ઉપરાંત રાજાસાહેબ આગળ મારે વીણા બજાવવાની છે."

"હા... હા... હા..." કરડા ચહેરાવાળા ચોકીદારો ખડખડાટ હસ્યા. "રાજાસાહેબને તો લડવૈયાઓની જરૂર છે, એમને વળી વીણા વગાડતા ભરવાડોનું શું કામ ?"

આનો શો જવાબ આપવો તેની દાઉદને સૂઝ ન પડી ત્યાં તો પેલો સરદાર આવ્યો ને દાઉદને મહેલમાં લઈ ગયો. અચંબો પામતાં જઈને દાઉદ વિશાળ ખંડો વટાવતો રહ્યો. ફરસબંદી પર ખૂબ મોંઘા ટાઈલ્સ જડેલા હતા. દીવાલો ચમકતા સાગના લાકડાની હતી. આ ભવ્યતામાં દાઉદને શ્વાસ લેવાનું પણ ભારે પડવા લાગ્યું. એ ધીમે પગલે એડી પર ઉપર ચાલતો હતો, કદાચ, એના સેંડલનો અવાજ થાય તો !"

મહેલમાં દરબારીઓ, સુંદર વસ્ત્રોવાળા ભરાવદાર શરીરવાળા રક્ષકો, ચપળ દાસદાસીઓ હતાં. તે બધાં આ ગરીબડા દેખાતા ભરવાડ છોકરાને કૌતુકથી જોતા હતાં.

દાઉદ રાજા શાઉલ સામે ઊભો રહ્યો.તે સોનાના રાજસિંહાસન પાસે અદબપૂર્વક ઘૂંટણે પડયો.

“આ દાઉદ છે. બેથલેહેમનાં ઈશાઈનો દીકરો. તે બેથલેહેમથી આવ્યો છે ને સુંદર રીતે વીણા વગાડે છે.” સરદારે કહ્યું.

રાજા શાઉલ કશું ન બોલ્યાં. તેમણે મોં બગાડી ઘૂરકિયું કર્યું. આસપાસ શસ્ત્રધારી સૈનિકો હતાં. કીમતી કપડાં પહેરેલાં દાસદાસીઓ હતાં. તેઓ વિચારતા હતાં કે, રાજાના મનમાં શું ચાલતું હશે? રાજાના મોં ઉપર ખુન્નસ હતું. ધમકીભર્યા ભાવો હતાં.

એક વખતે આ જ રાજા શાઉલ કેટલા બધા ખુશમિજાજી હતા ! ગમે તેને માટે કંઈપણ કરી છૂટવા તૈયાર હતા, પરંતુ આ માંદગીએ તેમને વિચિત્ર સ્વભાવના બનાવી દીધા હતા. માંદગી શી છે તે પણ કળાતું નહોતું.

શું દાઉદનું સંગીત રાજાને મદદ કરી શકશે ? સ્વસ્થ બનાવી શકશે ?

બીજાં ગમે તે ધારતા હશે, પણ રાજાના વિશ્વાસુ સરદાર આબ્નેરને તો દાઉદની સંગીતકલામાં સંપૂર્ણ વિશ્વાસ હતો.

“બજાવ દોસ્ત ! દિલ દઈને તારી વીણા બજાવ !” સરદારે કહ્યું.





દાઉદે પોતાની વીણા ઉઠાવી. એ ભૂલી ગયો કે, એ રાજાના ભવ્ય મહેલમાં છે. એ ભૂલી ગયો કે, એ કિંમતી વસ્ત્રોવાળા દાસદાસીઓ સામે છે. એ ભૂલી ગયો કે, એ કરડા ચહેરાવાળા સૈનિકો સામે છે. એ ભૂલી ગયો કે, એ રાજાની લાલઘૂમ આંખો સામે છે.

એ તો માત્ર યાદ કરતો હતો વગડાના એ સુખી દિવસોને, એ હૂંફાળા વાદળોને અને મૈત્રીભર્યા ફૂલોને. એ યાદ કરતો હતો વગડામાં ફૂંકાતા આરામદાયક પવનને અને ખિલખિલ હસતાં ઝરણાંઓને. એ યાદ કરતો હતો, સિંહ સાથેની ભયાનક લડાઈને અને સર્વથી વિશેષ તો પ્રબોધક શમૂએલને, જેમની પ્રેમાળ આંખોએ, શબ્દોએ અને સ્પર્શે તેના ડરને કાયમ માટે હઠાવી દીધો હતો.

એણે વીણા પર સૂર મેળવ્યા. પ્રભુને સ્મરી પોતાનું ગીત શરૂ કર્યું. મહેલમાં ફૂલ ખરે તોયે અવાજ સંભળાય એવી શાંતિ છવાઈ રહી. વાદળ જાણે હઠતાં ગયાં. સંગીતની સુવાસ ફેલાવા લાગી.

અચાનક રાજાનો કરડો ચહેરો ખીલી ઊઠયો. એમના ચહેરા પર સ્મિત ફરક્યું. આસપાસ ઊભેલાંઓના મોં ઉપર પણ સ્મિતની લહેરો દેખાવા માંડી. પ્રસન્નતા રેલાતી હતી.

“દાઉદ !” રાજાએ કહ્યું. “તું હવેથી અહીં જ રહે એમ હું ઈચ્છું છું. તારા સંગીતે મને સાજો કર્યો છે.” રાજાએ ઊભા થઈ દાઉદને ખભે હાથ મૂક્યો અને શાબાશી આપી.





મહેલનાં બધાં હવે દાઉદને ચાહવા લાગ્યાં. રાજાના દીકરાનું નામ હતું રાજકુંવર યોનાથાન. તેને પણ દાઉદ ગમવા લાગ્યો.

દાઉદ અને યોનાથાન બંને જીગરજાન દોસ્ત બની ગયા.

અલબત્ત; યોનાથાન દાઉદ કરતાં ઉંમરમાં મોટો હતો, છતાં તેના હ્દયમાં દાઉદ પ્રત્યે અખૂટ મૈત્રીનું ઝરણું ફૂટયું. તેણે દાઉદને ઘણી વાતો શીખવી, તેણે દાઉદને ઘોડેસ્વારી શીખવી, શસ્ત્રો અને અસ્ત્રો કેવી રીતે વાપરવાં તે શીખવ્યું.

દાઉદે યોનાથાનને વગડાના પોતાના જીવન વિશેની વાતો કહી. એના ઘેટાં વિશે કહ્યું, જંગલી પશુઓ સાથેની અને ખાસ તો પેલા ખૂંખાર સિંહ સાથેની લડાની વાતો કરી.

એક શિક્ષકે બંનેને વાંચતાં લખતાં શીખવ્યું. હિબ્રૂ સાહિત્ય વિશે શીખવ્યું. ઈઝરાયલના ઇતિહાસ વિશે શીખવ્યું. તારાઓ વિશે માહિતી આપી. ઈઝરાયલના નામાંકિત શૂરવીરોની વાતોની બંને ઉપર ઘેરી અસર પડી.

દાઉદ મહેલમાં સુખી હતો. આનંદમાં હતો. એક રાજકુંવરની જેમ માન પામતો હતો. પરંતુ તે પોતાનાં માબાપ અને ભાઈઓને અને વ્હાલાં ઘેટાંને ભૂલ્યો નહોતો.

એક દિવસ રાજમહેલમાં ભારે ધમાલ મચી ગઈ. જાસૂસો રાજમહેલમાં માઠા સમાચાર લઈને આવ્યા હતા. રાજાના

જૂના દુશ્મનો એવા પલિસ્તીઓ નવી લડાઈની તૈયારી કરતા હતા. એમનું લશ્કર સંપૂર્ણ રીતે શસ્ત્રસજ્જ થઈ રહ્યું હતું.

આ ભયંકર સમાચાર દાવાનળની જેમ રાજમહેલની અંદરને બહાર ફેલાઈ ગયા. એકે બીજાને કહ્યું, બીજાએ ત્રીજાને કહ્યું. ત્રીજાએ ચોથાને કહ્યું. એમ કાનોકાન ફરતીફરતી આ વાત આખી રાજધાનીમાં ફેલાઈ ગઈ.

રાજમહેલની બહાર હવે સૈનિકો જ સૈનિકો દેખાતા હતા. રસ્તાઓ ઉપર પણ જ્યાં નજર પડે ત્યાં સૈનિકો દેખાય. રાજમહેલની આગળ ધડાકાબંધ શસ્ત્રો તૈયાર થવા લાગ્યા. જૂનાં શસ્ત્રોને વધુ ધારદાર બનાવવામાં આવ્યાં. સૈનિકોનાં બખ્તરો અને હેલ્મેટો (માથા પરના કવચો) ઘડાવા લાગ્યા. સૂર્યપ્રકાશમાં ચળકતાં ઊંચા મકાનો ઉપરથી અને મહેલના મિનારાઓ ઉપરથી રણશિંગડા વાગવા માંડયાં.

સૈનિકો લડાઈમાં જવા નીકળ્યા. તેઓ પોકારતા હતા "રાજા શાઉલ ઘણું જીવો !" "રાજા શાઉલ ઝિંદાબાદ !" "રાજા શાઉલ અમર રહો !" સૈનિકોની હારો એક પછી એક આગળ વધતી જતી હતી.

દાઉદ આ બધું જોતો હતો. એને પણ યુદ્ધમાં લડવાની તાલાવેલી થતી હતી. શું એ હવે પુખ્ત અને શરીરે બળવાન નહોતો ? કોઈ એને કેમ લડાઈમાં જવાનું કહેતું નથી ? લડાઈનું

ભૂત મગજ પર સ્વાર થઈ ગયું હોવાથી સૈનિકોને અને પ્રજાજનોને બીજું કશું જ દેખાતું નહોતુ.

હવે રાજા શાઉલ બહાર નીકળ્યાં. એમના ઝગમગતા બખ્તર અને માથાના લોખંડી ટોપાને લીધે દાઉદ પણ પહેલાં તો રાજાને ઓળખી શક્યો નહિ. એક સૈનિકે રાજાની વજનદાર ઢાલ ઊંચકી હતી, બીજો એમનો લાંબો ભાલો ઉપાડીને ચાલતો હતો.

રાજાએ દાઉદને જોયો. તેને પોતાની પાસે બોલાવ્યો.તેને માથે પોતાનો હાથ મૂકી કહ્યું, "અમારી સાથે લડાઈમાં આવવા માટે તું હજુ નાનો છે. તારી ઇચ્છા જોખમમાં મુકાઈ જાય એવું હું ઇચ્છતો નથી. લડાઈ પૂરી ન થાય ત્યાં સુધી તારે ઘેર પાછો જા. તારા માબાપ તારી વાટ જોતા હશે."

યોનાથાન પણ લડાઈમાં જતો હતો. બંને મિત્રો એકબીજાને ભેટયા, રડયા અને એકબીજાના હાથ પકડીને ઊભા રહ્યા.

'આવજો' એમ કહેવું કેટલું બધું મુશ્કેલ હતું ! ઈશ્વર જાણે ફરી એ એકબીજાને ફરીથી જોશે કે કેમ ? એકબીજાને મળશે કે કેમ? આંખમાં આંસુ સાથે બંનેએ એકબીજાને વિદાય આપી.

દાઉદ ઘેર પાછો ફર્યો તેથી તેના બાપુજી રાજી થયા. એલિયાબ, અબીનાદાબ અને શામ્માહ એ ત્રણે મોટા દીકરાઓ

યુદ્ધમાં ગયા હતા. તેમનું કામ કરી શકે એવું કોઈ ઘરમાં નહોતું.

યિશાઈ ખૂબ ઘરડા થયા હતા. દાઉદની માનાં માથાના વાળ પણ હવે તદ્દન સફેદ થઈ ગયા હતા. દાઉદની મા દાઉદને જોઈને રાજીના રેડ થઈ ગયાં. તેમણે દાઉદની કમરે હાથ વિંટાળી તેના કપાળ પર ચુંબન કર્યું.

'દીકરા, તું કેટલો મોટો થઈ ગયો છે ! મારો દીકરો હવે જુવાન થઈ ગયો છે !"

નોકરચાકર પણ દાઉદને અને તેનાં રાજવી વસ્ત્રોને જોઈ રહ્યાં. હા, હવે એ બાળક નહોતો. પરંતુ દાઉદે તો તરત જ પોતાનાં રાજમહેલના વૈભવી વસ્ત્રો કાઢી નાખ્યાં. ભરવાડનો પોતાનો જૂનો ઝભ્ભો વીંટાળી લીધો. તે પોતાનાં ટોળાંને લઈ નીકળી પડયો, દાઉદને કોઈ કામની શરમ નહોતી. ગોવાળની જિંદગી, ભરવાડનાં કામ, ઘેટાંબકરાં એ બધું તેને પ્રિય હતું. રાજમહેલનો પલંગ અને પરાળની પથારી બંને તેને સરખાં જ ગમતાં. એથી વિશેષ ઘેર પાછા ફરવાનો મોટો આનંદ તો હતો જ.

બંને દુશ્મન લશ્કરો એકબીજાની સામે છાવણી નાંખીને પડયાં હતાં. તાત્કાલિક ઈઝરાયલી (શાઉલના) લશ્કરે કે દુશ્મન પલિસ્તીઓના લશ્કરે એકબીજા ઉપર હુમલો કર્યો નહિ. શાઉલમાં પણ શત્રુ સૈન્ય ઉપર હુમલો કરવાની હિંમત



નહોતી. તે પોતાના તંબૂમાં માથે હાથ દઈને વિચારમગ્ન થઈને બેસી રહેતો. શાઉલ ડરતો હતો એટલે તેના લશ્કરની હિંમત પણ ઓછી થતી જતી હતી.

પલિસ્તીઓના લશ્કરમાં એક રાક્ષસ જેવો લડવૈયો હતો. વિરાટકાય રાક્ષસ. એનું નામ ગોલિયાથ હતું. તેની ઊંચાઈ નવ ફુટ જેવી હતી. શરીર ભરાવદાર હતું.

ગોલિયાથ ખૂબ વજનદાર બખ્તર પહેરીને દર સવારે અને સાંજે પોતાના તંબૂમાંથી નીકળતો. એનું બખ્તર એટલું ભારે હતું કે, સામાન્ય માણસથી તો બે હાથ વડે ઊંચકાય પણ નહિ. એના પગ પણ સુરક્ષિત હતા. એની વજનદાર બરછી (ભાલો)નું ફણું વૃક્ષના થડ જેવું દેખાતું. એની ઢાલનું વજન સેંકડો કિલો કરતાં વધારે હતું. તે પોતાના માથા પર વિશાળ લોખંડી હેલ્મેટ પહેરતો. આથી તેના મુખનો માત્ર થોડોક જ ભાગ ખુલ્લો રહેતો.

આ રાક્ષસકાય માણસ જાતે લોખંડનો બનેલો હોય તેવો દેખાતો. તેનો અવાજ તોફાની મેઘના ગડગડાટ જેવો ભયંકર લાગતો.

તે બૂમ પાડીને કહેતો, "શું તમારામાંથી કોઈ મારી સાથે લડવા તૈયાર નથી ? જો તમારામાંથી કોઈ મને હરાવશે તો હું તેનો ગુલામ થઈ જઈશ."

પછી તે કટાક્ષમાં જે ખડખડાટ હસતો. ઈઝરાયલીઓને આ હાસ્ય ખૂબ ભયંકર લાગતું.







હા, આ રાક્ષસ જોડે લડવા માટે કોઈ ઈઝરાયલી બચ્ચો તૈયાર નહોતો. એનું રાક્ષસી શરીર ને શક્તિ જોઈને શાઉલ પોતે ગભરાઈ ગયો હતો.

યુદ્ધ શરૂ થયાને ચાળીસ દિવસ થઈ ગયા હતા. બંનેમાંથી એક પણ પક્ષને માટે લડાઈ જીતવાના કોઈ સંજોગો દેખાતા ન હતા.

અધીરો બની જઈને દાઉદ પોતાનાં ઘેટાનું ધ્યાન રાખતો હતો. તેને લડાઈમાં શું ચાલી રહ્યું છે તે જાણવાની ખૂબ ઇંતેજારી હતી. જો તેઓ તેને લડાઈમાં સાથે લઈ ગયા હોત તો એ કંઈક કરી દેખાડત ! રાત્રિના શ્યામ આકાશમાં યુદ્ધની છાવણીમાં સળગતાં તાપણાંનો લાલ લાલ પ્રકાશ દેખાતો.

દાઉદના પિતાજીએ તેને સંદેશો મોકલ્યો કે, "તું આવ અને તારા ભાઈઓ માટે લડાઈની છાવણીમાં કંઈક ખાવાનું લઈ જા." દાઉદ તો ખુશખુશ થઈ ગયો. એ પોતાના ભાઈઓ માટે શેકેલાં કણસલાં (ઘઉંનો પોંક), પુષ્કળ પ્રમાણમાં રોટી અને પનીર લઈને નીકળ્યો. એ એના ભાઈઓને મળવા માંગતો હતો. સાથેસાથ એને પોતાના દોસ્ત યોનાથાનને અને શક્ય હોય તો રાજાજીને પણ મળવાની ઇચ્છા હતી.

દાઉદ વહેલી સવારે નીકળ્યો. એક છોકરાને તેણે વગડામાં પોતાનાં ઘેટાં સાચવવાનું કામ સોંપ્યું. ઘાસ ઉપર અને ફૂલો ઉપર પડેલું ઝાકળ સૂર્યના પ્રકાશમાં ચમકતું હતું. પંખીઓ કલરવતાં હતાં.





તે ચાલતો રહ્યો. દૂરથી તંબૂઓ દેખાયા. દાઉદનું હૃદય વેગથી ધડકવા લાગ્યું. શસ્ત્રો લઈ જવાનાં ગાડાં ત્યાં ખાલી પડયાં હતાં. તંબૂઓ ખાલી હતા. થોડાક સંત્રીઓ આમતેમ ટહેલતા હતા. સૈનિકો ચાલ્યા ગયા હતા. ઝરણા પાસે રાજા શાઉલનું લશ્કર દુશ્મન સામે સજ્જ થઈને ઊભું હતું. દાઉદે હવે સૈનિકોની ગર્જનાઓ અને ઢાલ-તલવારના ખણખણાટો સાંભળ્યાં.

તે ઝરણાંને કિનારે કિનારે દોડયો. તે પોતાના ભાઈઓની શોધમાં હતો. છેવટે તેઓ મળ્યા. તેમણે દાઉદને તેમનાં માબાપ વિષે, ખેતરો વિશે અને ઘેટાં વિશે પૂછયું.

દાઉદ તેમની સાથે વાત કરતો હતો ત્યાં જ ગોલિયાથ પોતાના લશ્કરમાંથી આગળ આવ્યો.

તેણે રોજની જેમ બૂમ પાડીને કહ્યું, "બાયલાઓ ! નામર્દો ! શું હજુ પણ તમારામાંનો કોઈ મારી સાથે લડવા તૈયાર નથી ?" પછી તે જમીન પર "હાક.. થૂ..." કરીને તિરસ્કારથી થૂંક્યો.

દાઉદ આશ્ચર્ય પામીને આ રાક્ષસને જોઈ રહ્યો. તેના ભાઈઓ અને બીજા ઈઝરાયલી સૈનિકો આ રાક્ષસને જોઈ કેવા ડરતા હતા તે પણ તેણે જોયું. ગોલિયાથ રાજા શાઉલની અને ઈઝરાયલના ઈશ્વરની જે ઠેકડી ઉડાવતો હતો તે પણ તેણે સાંભળી.

"આ માણસ આવું બોલવાની હિંમત કેમ કરી શકે ?"

દાઉદ ગુસ્સાથી લાલચોળ થઈ ગયો.

"હું તેની સાથે લડીશ." દાઉદે વધારે મોટેથી કહ્યું. તેની આંખો ક્રોધથી જાણે સળગતી સગડીઓ બની ગઈ હતી. એલિયાબ ગુસ્સે થઈ ગયો.

"દાઉદ, શાંત થઈ જા. તું કેવો પાજી બની ગયો છે ! તારે તો તારાં ઘેટાંબકરા સાથે રહેવું જોઈતું હતું. અહીં તો તું જાસૂસી કરવા અને બડાશો હાંકવા આવ્યો લાગે છે !"

દાઉદ દુઃખી થયો.

"એલિયાબ, મેં એવું તે શું કર્યું છે કે તમે મને આમ ધમકાવો છો ?"

દાઉદ મનોમન જાણી ગયો હતો કે, તેણે ગોલિયાથ સામે લડવું પડશે. એના હૃદયમાંથી એક જ સૂર નીકળતો હતો. સિંહ સાથેની લડાઈ એને યાદ આવતી હતી. તે પોતાના ભાઈ પાસેથી ખસી ગયો અને ફરીથી બોલાવ્યો, "હું ગોલિયાથ સામે જરૂર લડવાનો."

સૈનિકો એની આસપાસ એકઠા થઈ ગયા. "તું બખ્તર કે ભાલા વિના, તારાં ગામડિયાં કપડાંમાં, એ રાક્ષસ સામે કેવી રીતે લડવાનો ? તારે તો ઝટઝટ પૈસાદાર થઈ જવું છે અને રાજકુંવરીને પરણવું છે, કેમ ?" કહી તેઓ મજાકમાં હસવા લાગ્યા.

દાઉદ મૌન રહ્યો. રાજા શાઉલે પેલા રાક્ષસ સામે લડે તેને ધનદોલત આપવાનું અને પોતાની કુંવારી કન્યા પરણાવવાનું

કહ્યું છે, તેથી કંઈ તે લડવા માગતો નહોતો. પોતાની જાત માટે કીર્તિ રળવા કે ગૌરવ પ્રાપ્ત કરવા તે લડવા માગતો નહોતો. સાચ્ચે જ એને મોટાઈ કે પૈસાની કોઈ પરવા નહોતી. એ તો પોતાના ઈશ્વરનું અને પોતાના રાજાનું અને પોતાના જાતં ભાઈઓનું અપમાન ને નિંદા વેઠી શકતો નહોતો.

સૈનિકો તેને રાજા શાઉલ પાસે લઈ ગયા.

ઘણાં અઠવાડિઓ પછી પહેલીવાર રાજાએ સ્મિત કર્યું.

"શું તું તારી વીણા લાવ્યો છે? અત્યારે મને તેની ખાસ જરૂર છે."

"ના, રાજાસાહેબ, હું તો ગોલિયાથ સામે લડવા આવ્યો છું."

રાજા શાઉલે દાઉદને પાસે બોલાવ્યો. તેમણે કહ્યું, "દાઉદ, તું હજુ લબરમુછિયો કિશોર છે. ભાલો કેમ ફેંકવો કે ઢાલથી કેમ રક્ષણ કરવું એ તને આવડતું નથી. ગોલિયાથ તને મારી નાખે એવું હું ઈચ્છતો નથી."

દાઉદ માન્યો નહિ. તેની આંખોમાં આંસુ આવ્યાં. "શું મેં પેલા ખૂંખાર સિંહને મારી નાખ્યો નથી? શું આપે મારી આંખોમાં ભય નામની ચીજ ક્યારે પણ જોઈ છે?"

રાજા શાઉલ થોડીવાર આ ભરવાડ છોકરા સામે જોઈ રહ્યા, પછી તે આશીર્વાદ આપતા હોય તેમ બોલ્યા, "જા, અને પ્રભુ તારી સાથે રહો."

"એને મારું બખ્તર પહેરાવો ! મારો લોખંડનો ટોપો (હેલ્મેટ) એના માથા ઉપર મૂકો. એને મારી ઢાલ આપો." રાજાએ એમના શસ્ત્રવાહક સૈનિકને હુકમ કર્યો.

પરંતુ રાજાએ કહ્યું હતું તે સાચું હતું. દાઉદને ઢાલનો કેવી રીતે ઉપયોગ કરવો કે ભાલાને કેમ ફેંકવો તેનો બરોબરઅનુભવ નહોતો ને જ્ઞાન પણ નહોતું. એ રાજાનું ભારે બખ્તર પહેરીને તો પોતાના હાથ કે પગ હલાવી શકતો નહોતો.

ભારે હથિયારો શરીર પર ચઢાવીને એણે એક બે પગલાં ચાલવાનો પ્રયત્ન કર્યો. એને સમજાઈ ગયું કે, હથિયારો ધારણ કરવાથી તે કદી પણ જીતી શકશે નહિ.

દાઉદે પાછા ફરીને બધાં હથિયારો ઉતારી દીધાં. ભરવાડનો ડગલો પહેરીને થેલો ખભા પર લટકાવ્યો. એક હાથમાં ગોફણ અને બીજા હાથમાં (ડાંગ) લાકડી લઈને દાઉદ નીકળ્યો. તે ગોલિયાથનો સામનો કરવા માટે ઝરણાને કાંઠે કાંઠે ચાલ્યો.

આખા રણક્ષેત્ર ઉપર અચાનક ભારે શાંતિ પથરાઈ ગઈ.

શ્વાસ થંભાવીને બંને લશ્કરોના સૈનિકો હવે શું બનશે તે જોવા તલપાપડ થઈ ગયા હતા.

દાઉદ નીચે નમ્યો. તેણે ઝરણાને કાંઠેથી પાંચ સુંવાળા ને અણીદાર ગોળ પથ્થરો પસંદ કર્યા.



પોતાનાં પ્રચંડ હથિયારોને લીધે લાંબો, ઊંચો, પહોળો ગોલિયાથ વધુ પ્રચંડ દેખાતો હતો. તે લાંબા પગલાં ભરતો દાઉદ તરફ આગળ વધ્યો. તે દાઉદને કચડી નાખવા માંગતો હતો. તેણે દાઉદ સામે તિરસ્કારપૂર્વક દૃષ્ટિ ફેંકી.

શું પોતે જે સહુથી બળવાન માણસ છે તેની તેઓ આવી ઠેકડી ઉડાડે છે ! ગોલિયાથ ક્રોધે ભરાઈને મનમાં વિચારતો હતો. "શું હું કૂતરો છું કે તમે એક છોકરાને એક કમતાકાત બાળકને મારી સામે લડવા મોકલ્યો છે ?" ગોલિયાથે બૂમ પાડીને કહ્યું, "ઠીક છે ! હું મારા બળવાન હાથની એક ઝાપોટથી તેને ભોંય ભેગો કરી દઈશ. આકાશનાં પક્ષીઓ અને વગડાના પશુઓ એનું માંસ ખાશે !"

ગોલિયાથે પોતાના વજનદાર ભાલાવાળો હાથ ઊંચક્યો અને નિશાન લીધું.

તે દાઉદના હૃદય ઉપર જ ભાલો ફેંકવા માંગતો હતો.

પણ તેણે ધાર્યું હતું તે કરતાં દાઉદ વધારે ચપળ હતો. તેણે ગોફણમાં એક તીક્ષ્ણ ધારવાળો પથ્થર મૂકીને વીજળીની જેમ ગોલિયાથ તરફ ફેંક્યો. ધારદાર પથ્થર અરક્ષિત એવા ગોલિયાથના વિશાળ કપાળ પર ભયાનક જોરથી વાગ્યો. પ્રચંડ ગોલિયાથને તમ્મર આવી ગયાં. ગોલિયાથને ધોળે દિવસે તારા દેખાઈ રહ્યા. એ ચક્કર ખાઈને, ધબ્બાક દઈને જમીન પર કપાઈ ગયેલાં ઝાડની જેમ પછડાયો. એના હાથમાંથી ભાલો ક્યાંય દૂર ફેંકાઈ ગયો. એનો જમણો હાથ જમીન ઉપર ફસડાઈ પડયો.

આખા રણક્ષેત્રમાં બૂમાબૂમ મચી રહી. ભયંકર શોરબકોર જામ્યો. શાઉલના સૈનિકોએ વિજયનાદોથી રણક્ષેત્રને ગજાવી દીધું.

મહાકાય ગોલિયાથ મૃત્યુ પામ્યો ?

ગોલિયાથને ધરાશાયી થયેલો જોઈને પલિસ્તીઓ નાઠા, હવે રંગમાં આવી ગયેલા ઈઝરાયેલી સૈનિકો તેમની પાછળ પડયાં. તેમણે ઘણા દુશ્મનોનો સંહાર કર્યો. છેક એક્રોન શહેરની ભાગળ સુધી તેમણે પલિસ્તીઓને ભગાડ્યાં.

પરમેશ્વરનો આભાર માનતો દાઉદ દોડીને ગોલિયાથના પ્રચંડ દેહ સામે ઊભો રહ્યો. વિજેતાની અદાથી તેણે ગોલિયાથની છાતી પર પગ મૂક્યો. શું તે ખરેખર મૃત્યુ પામ્યો છે ? તે ગોલિયાથના દેહ પર નીચે નમ્યો. તેણે ગોલિયાથના કમરપટ્ટામાંથી તેની લાંબીલચ્ચ તલવાર કાઢી, કચ્ચ લઈને એક ઝાટકે તેણે ગોલિયાથનું મસ્તક ઉડાવી દીધું.

ગોલિયાથની આ જીભ હવે કદી સર્વશક્તિમાનની નિંદા કરશે નહિ. ગોલિયાથનું આ મોં ઈઝરાયલના ઈશ્વરની હવે કદી મજાક ઉડાવશે નહિ, ગંદો ઉપહાસ કરશે નહિ.

સૈનિકોએ વિજયના ચિહ્ન રીકે ગોલિયાથનું મસ્તક શાઉલના તંબૂ આગળ મૂક્યું. શું બની ગયું એ હજુ પણ જાણે રાજાને સમજાતું નહોતું. રાજાના મગજમાં ઊતરતું નહોતું.



"શું એ ખરેખર સાચું છે ? ખરેખર સાચું છે ? શું ગોલિયાથ ખરેખર હણાયો છે ?" રાજા સેનાપતિ આબ્નેરને પૂછતા હતા.

"હા, નામદાર, એ સત્ય છે. દાઉદે ગોલિયાથ પર વિજય મેળવ્યો છે."

સન્માનપૂર્વક દાઉદ શાઉલ રાજા પાસે ગયો. રાજા તો સામે ચાલીને તેને ભારે ઉષ્માથી ભેટી પડયા. સાચે જ દાઉદનો આભાર માન્યો ને પોતાનું વચન પાળ્યું. રાજાએ દાઉદને પોતાના બધા સૈનિકોનો સેનાપતિ બનાવ્યો. તેણે પોતાની લાડકી દીકરી - રાજકુંવરી મિખાલને - દાઉદ સાથે પરણાવવાનું વચન આપ્યું.

રાજાના રથમાં બેસીને દાઉદ ગિબ્યા આવ્યો.

બધી શેરીઓમાં લોકોની ભીડ જામી હતી. સ્ત્રીઓ અને બાળકોથી રસ્તાઓ ઉભરાઈ રહ્યા હતા. ઈઝરાયલીઓ બધી દિશામાંથી આવ્યા હતા. રણશિંગડા, ઝાંઝ, કરતાલ અને તારવાળા જુદા જુદા વાંજિત્રો ઠેરઠેર વાગતાં હતાં. બધાં જ ગાતાં હતાં અને મન મૂકીને નાચતાં હતાં.

ગિબ્યાની શેરીઓમાં આખી રાત આ મહાન વિજયની ઉજવણી ચાલી. વારેવારે માણસો દાઉદના ભવ્ય ગુણગાન ગાતા હતા. ગોલિયાથને દાઉદે કેવી રીતે પડકાર્યો, એના ગંજાવર શસ્ત્રો છતાં માત્ર ગોફણના એક ધારદાર પથ્થરથી

ગોલિયાથને કેવી રીતે જમીનદોસ્ત કરી દીધો, એનાં ગીતો તેઓ ગાતા હતા. દરેકના હોઠ ઉપર દાઉદનું નામ હતું.

રાજાના મહેલમાં એક ભવ્ય મિજબાની ગોઠવાઈ. ત્યાં હજારો મશાલો સળગતી હતી. સંગીત અને નૃત્યથી આખી મહેફિલ ગાજતી હતી. મહેલમાં સર્વત્ર આનંદકિલ્લોલનું વાતાવરણ હતું.

બેથલેહેમથી દાઉદનાં માબાપ, એના ભાઈઓ આવ્યા હતા. પોતે દાઉદને જે ખરાબ શબ્દો કહ્યા હતા, તેથી મોટાભાઈ એલિયાબ ખૂબ દુઃખી હતો, પણ દાઉદે તો એને ક્યારનીયે માફી આપી દીધી હતી.

રામાના ભવિષ્યવેત્તા શમૂએલ પણ પધાર્યા હતા. તેમણે નવા સેનાપતિ દાઉદને કપાળે ચુંબન કર્યું. શમૂએલે તો જાણતા જ હતા કે, ઈશ્વરે દાઉદને પસંદ કર્યો છે. તેમણે પ્રેમપૂર્વક દાઉદની આંખોમાં જોયું. આશીર્વાદ આપ્યા. પોતાને માટે જે આનંદદાયક ઘટનાઓ બની રહી છે. તેનાથી દાઉદને ઘણું આશ્ચર્ય થતું હતું.

તે મહેલ ઉપરની અગાસીમાં ગયો. આખુ રૂપે મઢયું આકાશ મલકતા તારાઓથી થોભતું હતું. દૂરની ટેકરીઓ ઉપર પણ ચંદ્રનો પ્રકાશ રેલાતો હતો. દૂરથી વગડાને જોઈને દાઉદનું હૃદય પ્રેમથી છલકાઈ રહ્યું.

અચાનક કોઈ તેની પાસે આવીને ઊભું રહી ગયું. એ તો યોનાથાન હતો. લાંબા સમય સુધી બંને દોસ્તો કશું બોલ્યા નહિ.





મિજબાની માણતાં માણસો પાસે નીચે જતાં પહેલાં બંનેએ કાયમ માટે એક-બીજાના દોસ્ત રહેવાના સોગંદ ખાધા. પરિસ્થિતિ ગમે તે આવે, સંજોગો ગમે તે બદલાય, પણ તેઓ એકબીજાની પડખે ઊભા રહેશે.

રાજા શાઉલ પોતાના શણગારેલા રથમાં બેઠા હતા. રથમાં નવો સેનાપતિ દાઉદ પણ બેઠો હતો. શાહી રથને બે સફેદ ને પાણીદાર અશ્વો જોડેલા હતા.રથની આગળ અશ્વો પર બેઠેલા સૈનિકો હતા.

રાજાનો કેપ્ટન આબ્નેર પણ આ ઘોડેસ્વાર ટુકડીમાં હતો. તે રસ્તા પરનાં ટોળાં પર દેખરેખ રાખતો હતો, વ્યવસ્થા સાચવતો હતો. જ્યાં જ્યાં શાઉલ પોતાના યુવાન સેનાપતિ દાઉદ સાથે જતાં ત્યાં ત્યાં સ્ત્રીઓ, પુરુષો અને બાળકોનાં ટોળેટોળાં દોડી આવતાં. એમના જય ઘોષના અવાજો આકાશ સુધી પહોંચતા હોય તેવું લાગતું.

“અમારા સેનાપતિ દાઉદનો જય હો !” પુરુષો બૂમો પાડીને કહેતા.

“મહાકાય ગોલિયાથને ખતમ કરી નાખનાર દાઉદ ઘણું જીવો !” છોકરાઓનો ગગનભેદી સ્વર ગાજી રહેતો.

સ્ત્રીઓ દૂરથી દાઉદનાં ઓવારણાં લેતી. દાઉદ પોતાના હાથ ફરકાવી આ જયઘોષને સ્વીકારતો. એના મોં ઉપર સ્મિત ચમકતું. માતાઓ પોતાની ગોદમાં ઉચકેલા બાળકોને વધુ ઊંચા કરી દાઉદને બતાવતી.

દાઉદે રથને ઊભો રખાવ્યો. તે નીચે ઊતર્યો. માતાઓ પાસે પહોંચી જઈ તેણે બાળકોને ઊંચકી લીધાં. તેમને વ્હાલ કર્યું. દરેકની સાથે માયાળુપણે વાત કરી. રાજાના ચહેરા પરના મુખભાવ સ્થિર થઈ ગયા હતા.

શું એ પોતાના જુવાન સેનાપતિ પર ગર્વ અનુભવતો હતો?

રાજાનો ચહેરો એકદમ કેમ ઝાંખો પડી ગયો ?

"આગળ વધો ! આગળ વધો !" રાજાએ મોટેથી કહ્યું.

સૈનિકોએ ટોળાંને એક તરફ હઠાવી દીધા. ઘણાં દર્શકો નિરાશ થઈ ગયા. દાઉદ તેમની પાસેથી તરત જ ખસી જાય તેવું તેમને ગમતું નહોતું. રાજાની અધીરાઈ વધતી ચાલી.

"આગળ વધો !" રાજાએ ત્રાડ પાડી. એમનો અવાજ સખત અને ગુસ્સાવાળો બન્યો હતો.

દાઉદને રથ પર ચઢી જવા માટે મથામણ કરવી પડી.

ઘોડાઓએ છલાંગ લગાવી અને તે ઝડપથી દોડયા. પૈડાં ઝડપથી ફરવા લાગ્યાં. ટોળાંના માણસો રથને ઝપાટાભેર ઘસી જતો - દૂર દૂર જતો - જોઈ રહ્યાં.

"દાઉદ ઘણું જીવો !" "દાઉદ ઘણું જીવો !" ના શોરબકોર હજુ ચારે બાજુ સંભળાતા હતા. ખંજરી વગાડતી સ્ત્રીઓ ગાતી હતી કે, "શાઉલે તો હજાર દુશ્મનને માર્યા છે પણ દાઉદે તો

દસ હજારનો ઘાણ કાઢી નાખ્યો છે ! મહાપરાક્રમી દાઉદ ઘણું જીવો !"

રાજા આ શબ્દોને ભૂલી શકતો નહોતો. ઈર્ષ્યાની આગ એના હૃદયમાં જલતી હતી. લોકો દાઉદને કેટલું બધું માન આપતા હતા ! દાઉદે પ્રજાજનોનો કેટલો બધો પ્રેમ મેળવ્યો હતો !

શું લોકો દાઉદને તેમનો રાજા બનાવવા માંગતા હતા ?

આ વિચારથી તો શાઉલના મનમાં અજંપો વધી ગયો. એ બેચેન બની ગયો. આ વિચારો એને પજવવા લાગ્યા. એના મનમાં મૂંઝવણ ઊભી થઈ. દિશાશૂન્ય બની જઈ રાજા શાઉલ પોતાના મહેલમાં આમતેમ આંટા મારતો રહ્યો. રાત્રે એને ભયાનક સ્વપ્નો આવવા લાગ્યાં. એની ઊંઘ હરામ બની. એને લાગતું કે દાઉદ એની સામે પોતાની ગોફણ તાકી રહ્યો છે. એના માથા ઉપર રાજમુગટ છે અને... "ના ! ના ! એમ કદી નહિ બને !" રાજા ચીસ પાડી ઊઠયો. "દાઉદ કદી રાજા નહિ બને ! હું એને મારી નાખીશ !"

દિવસે રાજા પોતાના ખંડમાં પુરાઈ રહેતો. દરબારીઓ પણ એમની પાસે જતાં ડરતાં. રાજાનાં બાળકો પણ તેમનાથી ડરવા લાગ્યા.

દાઉદને રાજાની ઈર્ષ્યાનો, એના વેરભાવનો ખ્યાલ આવી ગયો. તે શાંત બની ગયો. ગમે તે સમયે તે વિચારમાં ડૂબેલો દેખાયો.







"તું બદલાઈ ગયો છે." યોનાથાને કહ્યું.

દાઉદે હકારમાં માથું હલાવ્યું.

"મને રાજાસાહેબનો ડર લાગે છે."

યોનાથાનને ધ્રાસ્કો પડયો. એ પોતાના પિતાની ઈર્ષ્યા વિશે જાણતો હતો. એણે દાઉદને બંનેએ સાથે લીધેલી પ્રતિજ્ઞાની યાદ દેવડાવી.

બંનેએ સાથે રહેવાના કસમ ખાધા હતા. ગમે તેવા સંજોગોમાં પણ સાથ ન છોડવાની પ્રતિજ્ઞા લીધી હતી.

યોનાથાન દાઉદને સાંત્વન આપવા માગતો હતો; મિત્રતાની ખાતરી પમાડવા માગતો હતો.

એણે પોતાનો ઝભ્ભો ઉતાર્યો. એણે પોતાનો કમરપટ્ટો ખોલ્યો. એણે પોતાની સુંદર તલવાર દાઉદને આપતાં કહ્યું."દાઉદ, તું આ બધુ રાખી લે. એ આપણી મિત્રતાની નિશાની બની રહેશે."

દાઉદની આંખો ચમકી ઊઠી. એને પોતાની કીમતી વસ્તુ યોનાથાનને આપવાની ઈચ્છા થઈ. એણે પોતાની પ્રિય ગોફણ કાઢી અને પોતાના મિત્ર સામે ધરી.

યોનાથાને ભરવાડનું આ સીધુંસાદું હથિયાર તપાસ્યું. આ ગોફણે તો અજેય દેખાતા ગોલિયાથને પરાજિત કર્યો હતો.

દાઉદે કહ્યું, "હવેથી આ ગોફણ તારી છે."

રાજાએ દાઉદને પોતાની પાસે બોલાવ્યો.

"ફરી વાર તારી વીણા વગાડ." રાજાએ કહ્યું.

રાજાને ખુશમિજાજમાં રાખવા દાઉદ આતુર હતો. ઘણા સમયથી રાજા સમક્ષ તેણે વીણા બજાવી નહોતી. છેલ્લા દિવસોમાં તો કેટલું બધું બદલાઈ ગયું હતું !

ઊંચો, પહાડી, અને હવે સશક્ત દેખાતો દાઉદ રાજા સામે ઊભો હતો. તેની આંખોમાં પ્રકાશ હતો. તેની આંખ સાથે આંખ મિલાવતાં રાજાને ડર લાગ્યો.

છતાં એણે દાઉદ સામે દૃષ્ટિ કરી. દાઉદે યોનાથાનનો ઝભ્ભો પહેર્યો હતો. એની કમરે યોનાથાનની તલવાર લટકતી હતી.

શાઉલે દુ:ખનો ઊંહકારો નાખ્યો.

"યોનાથાનનો ઝભ્ભો ! યોનાથાનની તલવાર ! મારાં બાળકો પણ દાઉદને મારા કરતાં વધારે ચાહે છે !"

"હવે તે આથી વધારે સહન કરી શકશે નહિ. દાઉદે હવે તો મરવું જ જોઈએ."

રાજાએ પોતાના ભાલા તરફ હાથ લંબાવ્યો.

દાઉદ સ્પ્રિન્ગની જેમ કૂદીને પોતાના પગ પર ટટ્ટાર ઊભો રહ્યો.

ચોંકી જઈને એણે રાજાની લથડતી આંખો સામે મીટ માંડી; એણે ભાલો જોયો, ઊંચો થયેલો હાથ જોયો...

એના મનમાં એક વિચાર હતો, અહીંથી ભાગી છૂટવું.

ભાલો હવામાં સિ...સ કરીને વીંઝાયો અને દાઉદ સામે ફેંકાયો. દાઉદ તો તીરની જેમ ત્યાંથી ખસી ગયો હતો. ભાલો દીવાલમાં ભટાક દઈને અથડાયો, અને દીવાલમાં ચોંટી ગયો. ભાલો દીવાલે ઝૂલવા લાગ્યો.

રાજાએ જોયું તો દાઉદની વીણા પાસે કોઈ ન હતું. બારીમાંથી પવનનો સુસવાટો આવ્યો.

ગભરાઈ જઈને રાજાએ આમતેમ દૃષ્ટિ ફેંકી.

રાજાને માત્ર પોતાના શ્વાસઉચ્છ્વાસના અવાજ સંભળાયા.

"આ મારી કેવી હાલત થઈ ગઈ છે ? શું ઈશ્વરે મારો ત્યાગ કર્યો છે ?"

દાઉદ દોડીને યોનાથાન પાસે ગયો. જે કંઈ બન્યું હતું તે તેણે યોનાથાનને કહ્યું. એ જલ્દીથી પોતાને ઘેર જવા માંગતો હતો. એનાં માબાપ ને ભાઈઓ પાસે પહોંચી જવા તત્પર હતો.

"મારી પોતાની જિંદગી ભયમાં હોય ત્યારે હું અહીં કેવી રીતે રહી શકું ?" દાઉદે યોનાથાનને પૂછ્યું.

યોનાથાને વચન આપ્યું કે, "હું મારા પિતા સાથે વાત કરીશ. મને ખાતરી છે કે રાજાનું મન બદલાઈ જશે." યોનાથાન બહાદુર યુવાન હતો. લડાઈના મેદાન પર એણે

પોતાની બહાદુરી પુરવાર કરી આપી હતી. શાઉલના મૃત્યુ પછી એ રાજા બનવાનો હતો. જરૂર શાઉલ એને દીકરાની વિનંતી માન્ય રાખશે. રાજકુમારી મિખાલે પણ દાઉદને રોકાઈ જવાની વિનંતી કરી.

દાઉદ મિલાખની વિનંતીને નકારી શક્યો નહિ. હા, એ બંને એકબીજાના પ્રેમમાં પડયાં હતાં.

આબ્નેરે શાઉલને તેની પ્રતિજ્ઞાની યાદ દેવડાવી.

"સારું", રાજાએ કહ્યું, "મિખાલને દાઉદ સાથે પરણાવીશ. પરંતુ તે પહેલાં તેણે આપણા દુશ્મનો સામે એક બીજી લડાઈ જીતવી પડશે. લગ્નની ભેટ તરીકે હું સો પલિસ્તીઓનાં માથાં માગું છું."

રાજા ખડખડાટ હસ્યો :

"મારો ભાલો જે ન કરી શક્યો તે આ પલિસ્તી લડવૈયાઓ મારે માટે કરશે. તેઓ દાઉદને લડાઈમાં મારી નાખશે !" રાજા ફરીથી હસ્યો.

રાજાની યોજના સફળ થઈ નહિ.

દાઉદ પોતાને વફાદાર એવા લડવૈયાઓને લઈને ગયો. દાઉદના માણસો બહાદુરીથી લડયા. તેઓ તો પોતાના સેનાપતિ માટે જાન કુરબાન કરવા તૈયાર હતા.

દાઉદના માણસો જીત મેળવીને પાછા ફર્યા. રાજા તો દુશ્મનના મૃત સૈનિકોને ગણી શક્યો નહિ. એણે તો સોની વાત

કહી હતી. તેણે દાઉદના માણસો તો બસો દુશ્મનોનાં શબોને લઈ આવ્યા હતા.

દાઉદને આશા હતી કે હવે તો શાઉલ પોતાની સાથે મિત્રતાભર્યો વ્યવહાર કરશે.

"હું મારું વચન પાળીશ." રાજાએ કહ્યું, મિખાલ સાથે દાઉદનાં લગ્ન થયાં. રાજા શાઉલે નવદંપતિને રાજ મહેલ પાસેનું એક મકાન આપ્યું.

લગ્નને દિવસે હજારો માણસો મહેલ આગળ એકઠાં મળ્યાં હતાં. તે બધાં આ સુંદર રાજકુમારી અને શૂરવીર ભરવાડ એવા દાઉદને જોવા આવ્યાં હતાં. ફરી એક વાર લાંબા સમય સુધી નાચગાનના કાર્યક્રમો ચાલ્યાં.

પોતાના મહેલની અટારીમાં દાઉદ મિખાલ સાથે ઊભો હતો. ચારે તરફ લોકો ઉત્સાહમાં નાચતા હતા ને ગાતા હતા.

"દાઉદ ! દાઉદ ! દાઉદ !"

સંગીતના અવાજો ઉપર થઈને દાઉદનું નામ આકાશ સુધી પહોંચતું હતું.

આ એક યાદગાર દિવસ હતો. લોકોનાં ટોળામાં વૃદ્ધ શમૂએલ પણ હતા. તે ચિંતાતુર બનીને રાજાનો ચહેરો નિહાળતા હતા. એકલા તે જ રાજાના મનમાં ચાલતા વિચારોને વાંચી શકતા હતા. શમૂએલ આ આનંદમય ઉજવણીને બગાડવા માગતા નહોતા. નિરાશ હૃદયે તે પોતાના ગામ રામા તરફ પાછા ફર્યા.

તેમણે ઈશ્વરને પ્રાર્થના કરી, "હે મહાન પ્રભુ, તમે દાઉદનું અને ઈઝરાયલની પ્રજાનું રક્ષણ કરવાનું ચાલુ રાખજો."

શમૂએલ સાચા હતા.

લગ્ન પછી શાઉલના ચહેરા પરના હાવભાવ ફરીથી ક્રૂર બની ગયા.

આબ્નેરને પોતાના માલિકની ચિંતા થતી હતી.

યોનાથાને પોતાના પિતા સાથે વાત કરવાનો પ્રયત્ન કર્યો, પણ એ સરળ નહોતું.

"તારે શું જોઈએ છે ?" રાજાએ કરડા અવાડે પૂછયું.

યોનાથાને હિંમતથી કહ્યું, "બાપુજી, દાઉદે એવું તે શું કર્યું છે કે તમે તેનો જાન લેવા ચાહો છો ? શું એ તમારો સૌથી વફાદાર સેવક નથી ? શું પલિસ્તીઓના હુમલામાંથી એણે આપણને બચાવ્યા નથી ? બાપુજી, દાઉદ મારો દોસ્ત છે. એ મારા માજણ્યા ભાઈ જેવો છે. મારી બહેન મિખાલ એને ચાહે છે. દાઉદ નિર્દોષ છે. ઈશ્વર એના હૃદયમાં વસે છે." કહેતા કહેતાં યોનાથાનની આંખોમાં ઝળઝળિયા આવી ગયાં.

વિચારપૂર્વક શાઉલે પોતાના દીકરા સામે જોયું. "દાઉદ પ્રત્યે યોનાથાનને કેટલો બધો પ્રેમ છે ! દાઉદ પ્રત્યે યોનાથાનને કેટલી બધી લાગણી છે કે એ દાઉદની વકીલાત કરવા આવ્યો છે !"

રાજાએ યોનાથાન તરફ પોતાનો હાથ લંબાવ્યો.

"હું દાઉદને કશી ઈજા કરીશ નહિ. બધું પહેલાં જેવું હતું તેવું બની જશે." રાજાએ કહ્યું.

રાજાએ પોતાનું વચન પાળ્યું નહિ. દાઉદ રાજાની હજૂરમાં વીણા વગાડતો હતો. બીજીવાર શાઉલે દાઉદ તરફ પોતાનો ભાલો નિશાન લઈને ફેંક્યો. વીજળીની જેમ ખસી જઈને દાઉદે રાજાનો ઘા ચુકાવ્યો. ઈશ્વર દાઉદનું કશું અહિત થવા દેવા માગતા નહોતા. દાઉદને કશી ઈજા થઈ નહિ. દાઉદે પોતાના ઘરમાં આશ્રય લીધો.

દાઉદ દુઃખી અને ઉદાસ બની ગયો. સમાધાનના તેના બધા પ્રયત્નો નિષ્ફળ નીવડયા હતા. યોનાથાનના પ્રયત્નો પણ નિષ્ફળ બન્યા હતા.

મિખાલે દાઉદને આશ્વાસન પૂરું પાડયું.

રાજાના ક્રોધે માઝા મૂકી.

"અંધારા ઉતરે પછી દાઉદને ઘેર જાઓ ! એને મુશ્કેટાટ બાંધો ! બાંધીને મારી પાસે મહેલમાં લાવો !" રાજાએ પોતાના સૈનિકોને હુકમ કર્યો.

કોઈએ રાજાનો વિરોધ કરવાની હિંમત બતાવી નહિ.

બીજે દિવસે સવારે, મરઘો બોલે તે પહેલાં, દાઉદે મરવાનું હતું.

મિખાલે રાજાના સૈનિકોના વજનદાર બૂટના અવાજો સાંભળ્યાં. એમને શા માટે મોકલવામાં આવ્યા હશે એ તે પળભરમાં સમજી ગઈ.

દાઉદે નાસી છૂટવું જોઈએ, પણ કેવી રીતે :

મિખાલે બારી સાથે એક લાંબું દોરડું બાંધ્યું. એ દોરડા વાટે દાઉદ નીચે ઊતરી ગયો. દાઉદ જાણે અંધારામાં ઓગળી ગયો.

મિખાલે ઝટઝટ એક પૂતળું લીધું. તેના માથા ઉપર બકરાના વાળનો તકિયો ગોઠવ્યો. તેણે પૂતળાને દાઉદના પલંગ પર મૂકી દીધું. તેના પર ચાદર ઓઢાડી.

સૈનિકોની ટુકડીના આગેવાને કહ્યું, "રાજાજીના નામે ઝડપથી બારણાં ખોલો." તેણે પોતાના ભાલાના ફણા વડે બારણાં પર ફટકા માર્યા.

મિખાલે પોતાની દાસીને કહ્યું, "બારણું ઉઘાડો."

સેનિકો અંદર ધસી આવ્યાં.

"શું બન્યું છે ? તમારે શું જોઈએ છે ?" મિખાલે પૂછયું. તે શાંત દેખાતી હતી. પોતાના ભયને તેણે છુપાવ્યો હતો. "દાઉદ ક્યાં છે ? એમને રાજાજી પાસે લઈ જવાના છે."

મિખાલ તો સમય પસાર કરવા માંગતી હતી. તેણે હોઠ પર આંગળી મૂકી. ધીમે બોલવાનો ઈશારો કર્યો.

"દાઉદ તો સૂતા છે." મિખાલે ધીમેથી કહ્યું, "કાલે ઘોડેસ્વારી કરતાં તેમના પગે ઈજા થઈ છે. જાઓ, મારા

બાપુજીને આ વાત જણાવો."

પણ ટુકડીના આગેવાને જીદ પકડી : દાઉદને લીધા વગર રાજમહેલમાં પાછા જવાની તેનામાં હિંમત નહોતી.

તેણે કહ્યું, "ત્યારે અમે દાઉદને તેમના પલંગ સાથે ઊંચકીને રાજાજી પાસે લઈ જઈશું. ક્યાં છે દાઉદ ?" સૈનિકો દાઉદના પલંગ પાસે ધસી ગયા.

થોડી જ વારમાં સૈનિકોને સમજાઈ ગયું કે, રાજકુવારી મિખાલે તેમને મૂર્ખ બનાવ્યા છે !

પોતાની નિરાશામાં દાઉદના મનમાં માત્ર એકજ નામ હતું -શમૂએલ.

તે બીજે રસ્તે થઈને રામા પહોંચ્યો. એની પાસે કોઈ હથિયાર નહોતું. તે થાકેલો હતો. એક ભિખારીની જેમ તે પ્રબોધક શમૂએલના ઘરની બહાર ઊભો હતો.

દૂરસુદૂરના પહાડી પ્રદેશની પાછળ રણપ્રદેશ હતો. ત્યાંથી જાણે કે આકાશમાં ભાતીગળ રંગો ફૂટતા હતા. હવે થોડી જ વારમાં સૂર્ય ઊગશે.

પ્રબોધક શમૂએલ જાણે કે દાઉદ આવે તેની જ વાટ જોતા હતા. દાઉદનો હાથ પકડીને તે દાઉદને ઘરમાં લઈ આવ્યા. એમણે દીવો પેટાવ્યો. દીવાની જ્યોત ફરફરતાં પવનમાં નૃત્ય કરવા લાગી. પાસેના મેજ ઉપર ઓળિયાં પાથરેલાં હતાં. ઓળિયાં ઉપર પડછાયાઓએ જાણે રમત માંડી.



દાઉદ બેઠો એના ચહેરા પરથી પરસેવાના રેલા નીતરતા હતા.

પ્રબોધકે એક કપડું લઈને દાઉદના કપાળ પરનો પરસેવો લૂછી નાખ્યો. દાઉદ પોતાના થાકેલા પગ ધૂએ તે માટે વૃદ્ધ શમૂએલ પાણી લઈ આવ્યા.

છેવટે દાઉદે પોતાની વાત કહેવા માંડી. વૃદ્ધ પ્રબોધક શાંતિથી સાંભળતા રહ્યા.

પછી તે ધીમેથી બોલ્યા, "દાઉદ, હજુ તારે ઘણી મુશ્કેલીઓ વેઠવાની છે. પરંતુ પ્રભુનો હાથ તારા માથા ઉપર છે. તું ગભરાઈશ નહિ. દુઃખ તો તને વિશેષ બળવાન બનાવશે."

પ્રબોધકે દાઉદના મસ્તક પર પોતાના હાથ મૂક્યાં. દાઉદના હૃદયમાંનો ગભરાટ ક્યાંય ભાગી ગયો. એના મનમાં શાંતિ સ્થપાઈ. તે થોડી જ વારમાં પ્રબોધક શમૂએલના પગ પાસે શાંતિથી ઊંઘી ગયો.

દાઉદની ધકપકડ કરવામાં નિષ્ફળ ગયેલા સૈનિકો રાજમહેલમાં ખાલી હાથે પાછા ફર્યાં. રાજા શાઉલના ક્રોધે માઝા મૂકી. એણે એ સૈનિકોને કારાવાસમાં પૂરી દેવાનો હુકમ કર્યો. રાજકુમારી મિખાલને મહેલમાં પ્રવેશવાની મના ફરમાવવામાં આવી.

"મારાં પોતાનાં બાળકો મારી સાથે દગો રમે છે. દાઉદે મારાં બાળકોને મારી વિરુદ્ધ ઉશ્કેર્યાં છે ! રાજા શાઉલે આબ્નેરને કહ્યું.

થોડા દિવસો પછી યોનાથાને ફરી એકવાર પોતાના પિતાના મનનું પરિવર્તન કરવાનો પ્રયત્ન કર્યો. એણે દાઉદને પોતે આપેલાં વચનની યાદ દેવડાવી.

"વિશ્વાસઘાતી !" શાઉલે ક્રોધાવેશમાં ઘાંટો પાડયો.

હવે શાઉલ પ્રોતાની જાત પર કાબૂ રાખી શક્યો નહિ. જે ભાલાથી તેણે દાઉદને મહેલની દીવાલે જડી દેવાનો પ્રયત્ન કર્યો હતો તે જ ભાલો પોતાના દીકરા યોનાથાન સામે ઝનૂનપૂર્વક ફેંક્યો. ભાલાનું ફણું યોનાથાનના હાથને અથડાયું. હાથમાંથી લોહીની ધારા વહેવા લાગી.

પાસે ઊભેલા દરબારીઓ ગભરાટના માર્યા કશું બોલી શક્યા નહિ, કશું કરી શક્યા નહિ. આબ્નેરે રાજાના જુસ્સાને શાંત પાડવાનો પ્રયત્ન કર્યો.

આંખમાં આંસુ સાથે, ઘા પર હાથ દબાવીને, યોનાથાન રાજાના ખંડમાંથી નીકળ્યો.

મિખાલે ભાઈના ઘા ઉપર પાટો બાંધ્યો.

બંને ભાઈબહેને દાઉદને મદદ કરવાની દૃઢ પ્રતિજ્ઞા કરી હતી. તે બંને જાણી ગયાં હતાં કે, હવે દાઉદને ખતમ કરવા માટે રાજા શાઉલ મરણિયા પ્રયત્નો કરશે. દાઉદે કોઈપણ સંજોગોમાં રાજધાનીમાં પાછા ફરવું જોઈએ નહિ.

યોનાથાન ને મિખાલને લાગ્યું કે, "આપણે તેને ચેતવવો જોઈએ."







રાજા તરફથી હવે વધુ મુશ્કેલીઓ આવવાની જ, એમ સમજીને દાઉદ અને યોનાથાને એક ખાનગી મુલાકાત ગોઠવી.

સમય પહેલાં દાઉદ મુલાકાતના સ્થળે આવી પહોચ્યો. દૂર ગિબ્યાનો કોટ અને તેના મિનારા ચમકતા હતા.

શું યોનાથાન કોઈ સારા સમાચાર લઈને આવશે ?

કોઈને શંકા ન પડે માટે યોનાથાન પોતાની સાથે તેના શસ્ત્રવાહક (હથિયાર ઉંચકનાર) જુવાનને લઈને આવવાનો હતો.

એણે બીજાઓને કહ્યું હતું કે "હું તો ધનુર્વિદ્યાની પ્રેક્ટિસ કરવા વગડામાં જવાનો છું."

હવે તેણે હવામાં ઊંચે તીર છોડયાં. છોકરાંએ તીર એકઠાં કર્યા ને તે તેમને યોનાથાન પાસે લઈ આવ્યો.

આ બધો વખત દાઉદ એક ખડક પાછળ છુપાયો હતો. યોનાથાને પછી પોતાનાં તીર અને ધનુષ પેલા છોકરાંને આપી દીધાં અને તેને જવાની આજ્ઞા કરી. "હું થોડી વારમાં પાછો આવું છું." એમ યોનાથાને પેલા છોકરાંના કહ્યું. છોકરો તીર ધનુષ લઈને દોડી ગયો.

સાંજ પડવા આવી હતી. હવે બંને મિત્રો શાંતિમાં એકબીજા સાથે વાતો કરી શકશે.

યોનાથાને પોતાના હાથ ઉપર પડેલો ભાલાનો જખમ દાઉદને બતાવ્યો. તે દુઃખી દેખાતો હતો. તેનું મોં ગંભીર હતું.





'રાજાએ નક્કી કર્યું છે કે તને મારી નાખવો", યોનાથાને આંખમાં આંસુ સાથે દાઉદને કહ્યું. દાઉદને શમૂએલના શબ્દો યાદ આવ્યાં." 'હજુ તારે ઘણા સંકટો વેઠવાનાં છે. પરંતુ પ્રભુનો હાથ તારા ઉપર છે. ગભરાઈશ નહિ. દુઃખ તો તને વધુ બળવાન બનાવશે."

વિખૂટા પડવાનો વખત આવ્યો ત્યારે દાઉદે, શમૂએલે પોતાને શું કહ્યું હતું તે યોનાથાનને કહી સંભળાવ્યું.

બંને દોસ્તો એકબીજાને ભેટીને ખૂબ રડયા. પછી યોનાથાન શહેર તરફ પાછો ફર્યો. આંખમાં આંસુ સાથે દાઉદ તેને જતો જોઈ રહ્યો.

યોનાથાન સાથેની મુલાકાત પછી દાઉદ ભાગેડું બની ગયો હતો. તે સતત આમથી તેમ નાસભાગ કરતો.

રાજા શાઉલે પોતાના લશ્કર સાથે તેનો પીછો પકડયો હતો.

નાસતો ફરતો દાઉદ નોબ નામના નગરમાં આવ્યો. મંદિરમાં અહીમેલેખ નામના વૃદ્ધ પુરોહિત (ધર્મગુરૂ) હતા. તે પ્રબોધક શમૂએલના મિત્ર હતા. દાઉદે અહીમેલેખ પાસે રાતવાસો કરવા કોઈ સ્થળની માંગણી કરી.

વયોવૃદ્ધ અહીમેલેખ મૂંઝાઈ ગયા. ગિબ્યામાં શું બન્યું હતું તે વિશે તેમને કશી માહિતી નહોતી.

દાઉદ એકલો જ આવ્યો હતો. તેની પાસે ન હતાં હથિયારો કે ન હતું બખ્તર. એનાં વસ્ત્રો ધૂળથી ખરડાયેલા

હતાં. એના મોં ઉપર સખત થાક દેખાતો હતો.

પુરોહિત અહીમેલેખે દાઉદને કોઈ પ્રશ્ન પૂછ્યા નહિ. એમને સમજાઈ ગયું હતું કે દાઉદે કશું પણ ખોટું કર્યું ન હતું.

દાઉદ ઊંઘતો હતો ત્યારે અહીમેલેખ તેને તાકી તાકીને જોઈ રહ્યા. પછી તેમણે આ જુવાન માટે ઈશ્વરને પ્રાર્થના કરી. એમને કબાટમાં મૂકેલી લાંબી તલવાર યાદ આવી. એ ગોલિયાથની તલવાર હતી. દાઉદની ગોલિયાથ સાથેની લડાઈ પછી તે પેલા ઝરણા પાસે પડી રહી હતી. ત્યાં જ અહીમેલેખને તે મળી આવી હતી. વિરાટકાય ગોલિયાથની તલવાર મળી આવતાં પોતાને કેટલો બધો આનંદ થયો હતો ! તે પછી અહીમેલેખે તેને સાચવીને મૂકી રાખી હતી. હવે ખરા માલિકને સોંપી દેવાની તક સામે આવી હતી.

અહીમેલેખે દાઉદને બીજી સવારે પેલી તલવાર બતાવીને કહ્યું, “આ તલવાર તારી છે.”

આશ્ચર્યમાં ડૂબી જઈને દાઉદે તે તલવાર લીધી. તેણે તેની ચળકતી ધાર તપાસી જોઈ. હજુયે એ એવી જ તીક્ષ્ણ હતી.

દાઉદે ધર્મગુરુનો ખૂબ આભાર માન્યો. અહીમેલેખ અને તેમના કુટુંબની રજા લેતાં તેને દુઃખ થયું.

ધર્મગુરુએ તેને આશીર્વાદ આપ્યા.

પ્રભુ દાઉદને તજી દેવાના નથી. ગોલિયાથની તલવાર એની એક નિશાની હતી.

દાઉદ જંગલોમાં અને પહાડોની ગુફાઓમાં છુપાઈ રહેતો



હતો અને ભરવાડો તરફથી તેને આશ્રય મળી રહેતો. તેઓ તેને ખોરાક પૂરો પાડતા અને અગત્યના સમાચાર પણ પહોંચાડતા.

હવે તે એકલો પણ નહોતો. બહાદુર જુવાનો તેની સાથે જોડાતા હતા. તેઓ પણ આ ગરીબાઈમાં અને જોખમભરી જિંદગીમાં દાઉદના સાથી બન્યાં. તેના ભાઈઓ પણ હવે તેની સાથે જોડાયા હતા.

રાજા શાઉલે દાઉદને દેશદ્રોહી જાહેર કર્યો હતો. જે કોઈ તેની મદદ કરે તેને માથે મોતનું જોખમ ઝળૂંબતું.

દાઉદના માબાપ બીજા દેશમાં નાસી છૂટયાં હતાં. પોતાની બધી જ મિલકત-વ્હાલાં ખેતરો અને ઘેટાંબકરાં - છોડીને તેઓ જીવ લઈને ભાગ્યા હતાં.

ઈઝરાયલની પ્રજાને રાજા શાઉલ પર ભરોસો નહોતો. મોટા ભાગનાં માણસો માનતાં હતાં કે દાઉદ નિર્દોષ છે.

પરંતુ મોટા ભાગનામાં દાઉદને પડખે ઊભા રહેવાની હિંમત નહોતી. રાજા પાસે ખૂબ સત્તા હતી. એના સૈનિકો નિર્દય હતા, લોહી રેડવામાં પાછી પાની કરે તેવા નહોતા.

શાઉલે દાઉદની જિંદગી હરામ કરી નાખી હતી. દાઉદ જ્યાં નાસી છૂટે ત્યાં રાજાના સૈનિકો એનો પીછો કરતાં.

દાઉદ રામામાં જાય તો તેઓ ત્યાં દોડી જાય. દાઉદ નોભમાં નાસી છૂટે તો ત્યાં તેનો પીછો કરે.

શાઉલને ખબર પડી કે ધર્મગુરુ અહીમેલેખે દાઉદને આશ્રય

આપ્યો હતો. એક પડોશીએ રાજાને છૂપી બાતમી આપી દીધી હતી.

જે કોઈ રાજાના દુશ્મનને મદદ કરે તેણે મરવું જ પડે. દયાહીનતાથી શાઉલે વૃદ્ધ ધર્મગુરુ અહીમેલેખ અને તેમના આખા કુટુંબનો ક્રૂર રીતે વધ કરાવ્યો.

અબિયાથાર નામનો અહીમેલેખનો એક દીકરો માત્ર બચી ગયો.

લાંબો સમય આમતેમ જીવ બચાવીને રખડયા પછી તે હેરેથના જંગલમાં દાઉદને મળ્યો. થાક અને ભૂખથી લોથપોથ થઈ જઈને તે દાઉદના પગ પાસે ઢળી પડયો. દાઉદે તેને તરત જ ઓળખ્યો.

દાઉદે પોતાના સાથીઓને કહ્યું, "આ તો ધર્મગુરુ અહીમેલેખનો દીકરો છે." તે જુવાનની પાસે દાઉદ ઘૂંટણે પડયો. બેહોશ જુવાનના કપાળ પર તેણે પાણીનાં ભીનાં પોતાં મૂક્યાં. અબિયાથારને થોડુંક ભાન આવતાં દાઉદે પોતે તેને પાણી પીવડાવ્યું. દુ:ખી હ્રદયે અબિયાથારે પોતાના વૃદ્ધ પિતાની અને કુટુંબની રાજાના સૈનિકોએ કરેલી કતલની વાત કહી સંભળાવી.

સાંભળનારા બધાં ચોંકી ઊઠયા.

દાઉદે કહ્યું, "અબિયાથાર, તું મારી સાથે રહે. આજથી હું એક પિતાની જેમ તારી સંભાળ રાખીશ."

આભારવશ જુવાનના મોં ઉપર સ્મિત ફરક્યું. એને ખાતરી

હતી કે, બહાદુર દાઉદના સાથમાં હવે એને ભય રાખવાનું કશું કારણ ન હતું.

શાઉલનું લશ્કર દાઉદનું પગેરું દબાવતું. દાઉદનો પીછો પકડતું, સ્થળે સ્થળે દોડી જતું. બીજી રાતે પોતાને ક્યાં સુવાનું થશે, તેની દાઉદને ક્યારે પણ ખબર પડતી નહિ. સતત દોડધામના, અનિશ્ચિતતાના આ દિવસો હતા.

એક દિવસે એનેગેદીના રણની ધાર ઉપર દાઉદને એક ગુફા મળી આવી. ગુફામાં જવાનો રસ્તો સાંકડો હતો, પરંતુ ગુફા અંદરથી વિશાળ હતી. અંધારું પણ ત્યાં ખૂબ રહેતું. એટલે દાઉદને તેના સાથીદારો માટે સંતાઈ રહેવાનું તે એક આદર્શ સ્થળ બની ગયું.

દિવસોથી દાઉદને એના સાથીઓને શ્વાસ ખાવાનો પોરો નહોતો. શાઉલનું લશ્કર તેમનું પગેરું દબાવતું આવતું હતું. અને સતત દોડધામથી દાઉદના સાથીઓ થાકી ગયા હતા. હવે આગળ જવાય એવું નહોતું.

ત્યાં આ ગુફા મળી આવી. ગુફામાં એમને સલામતી લાગી. થાક્યા હોવાથી તેઓ ઘસઘસાટ ઊંઘી ગયા.

મધરાતે દાઉદ સફાળો જાગી ગયો. એણે ગુફાની બહાર માણસોના અવાજો સાંભળ્યાં. ઘોડાઓની હણહણાટી સાંભળી.

આ તો રાજા અને તેને સૈનિકો હતા.

પળભર તો દાઉદનું હૃદય એક થડકારો ચૂકી ગયું. તેને ગભરાટ થયો. શું રાજાએ તેની સંતાવાની જગા શોધી કાઢી ?

પછી એને યાદ આવ્યું કે ગમે તેવા સંજોગો આવે, પણ એ ઈશ્વરના હાથમાં જ હતો, સલામત હતો.

એણે પોતાના દોસ્તદારોને જગાડ્યા. જરાયે અવાજ કર્યા વગર, તેઓ ગુફાના વધુ અંદરના ભાગમાં ગયા.

દાઉદ ગુફાના પ્રવેશદ્વાર પાસે સંતાઈને ઊભો રહ્યો. તેણે આબ્નેરનો અવાજ સાંભળ્યો.

"રાજાસાહેબ, અહીં એક ગુફા છે. ત્યાં આપ આરામથી સૂઈ શકશો. સૈનિકો ગુફાની બહાર સૂઈ જશે. મેં ગુફાની આસપાસ ચોકીદારો ગોઠવી દીધા છે.

"મને સવારે જગાડજો," એમ કહી રાજા નીચા નમી ગુફામાં પેઠા.

દાઉદ ગુફાની અંધારી દીવાલો સાથે લપાઈ ગયો.

અંધારામાં રાજાને કશું સૂઝતું નહોતું. રાજા જમીન પર આડા પડયા ને ઝભ્ભો ઓઢીને ઊંઘવા લાગ્યો. ચારે તરફ શાંતિ હતી.

"એને મારી નાખો", દાઉદના સાથીઓએ ધીમેથી દાઉદને કહ્યું.

દાઉદે પોતાની તલવાર મ્યાનમાંથી કાઢી. એ ઊંઘતા રાજા તરફ નીચે નમ્યો. શાઉલનો ચહેરો ઘરડો દેખાતો હતો, એના ચહેરા પર કરચલી પડી ગઈ હતી. એના વાળ સફેદ થઈ ગયા હતા. ઊંઘમાં પણ એ પોતાના હાથ હલાવતા હતા.

દાઉદે દુશ્મનના ચહેરા સામે તાકીને જોયું.

અચાનક તેને એક વાણી સંભળાઈ : “દાઉદ ! દાઉદ ! એને કશી ઈજા પહોંચાડીશ નહિ. ન્યાય તોળવાનું કામ મારું છે.”

આ અવાજ ક્યાંથી આવ્યો ? વાણી સ્પષ્ટ છતાં વિશિષ્ટ હતી. દાઉદ ધ્રુજી ગયો. આ તો પ્રભુની વાણી હતી. દાઉદે પોતાના હૃદયમાં ઈશ્વરની વાણી પહેલીવાર સાંભળી.

એણે સાવચેતીપૂર્વક રાજાના ઝભ્ભાની એક કોર કાપી લીધી. પછી પોતાની તલવારને મ્યાનમાં મૂકી.

દાઉદના સાથીદારો શાંતિપૂર્વક દાઉદ શું કરે છે તે નિહાળતા હતા. પોતાનો આગેવાન કેવી કેવી લાગણીઓમાંથી પસાર થઈ રહ્યો છે તે તેમને સમજાતું નહોતું.

પરોઢ થયું. આકાશમાં લાલચોળ સૂર્ય ઊગ્યો.

રાજાના લડવૈયાઓએ પોતાની કૂચ શરૂ કરી. સૈનિકોની પાછળ આબ્નેર સાથે રાજા ઘોડા પર હતા.

દાઉદ ગુફામાંથી બહાર આવ્યો. એણે મોટેથી બૂમ પાડીઃ “રાજાસાહેબ !”

દાઉદની બૂમનો ખડકોએ પડઘો પાડયો : “રાજા સાહેબ!”

રાજા શાઉલે એકદમ પાછા ફરીને જોયું. તેણે આંખો ઉપર વધુ સ્પષ્ટ રીતે જોવા હાથ મૂક્યા. શું એ સ્વપ્ન જુએ છે ?

આબ્નેરને આઘાત લાગ્યો. રાજા જે ગુફામાંથી બહાર આવ્યા હતા. તે ગુફા તરફ તેણે તાકીને જોયું.

દાઉદે રાજાના શાહી ઝભ્ભાનો પોતે કાપી લીધેલો કટકો ઊંચો કરી બતાવ્યો.

તેણે ફરીથી મોટેથી કહ્યું, "રાજાસાહેબ ! કાલે રાત્રે પ્રભુએ આપને મારા હાથમાં સોંપી દીધા હતા. હું આપને મારી નાખી શક્યો હોત. આ આપના જ ઝભ્ભાની કોર છે. શું આપ હજી એવું માનો છો કે હું આપને ઈજા પહોંચાડવા માગું છું ?"

શાઉલનો ચહેરો એકદમ ફિક્કો પડી ગયો. તે જવાબ આપી શક્યો નહિ.

એણે પોતાના ઘોડાને એડી મારી.

"ગિબ્યા તરફ !" એણે આબ્નેરને કહ્યું.

સારું થયું કે રાજાએ ગિબ્યા તરફ પાછા ફરવાનો નિર્ણય કર્યો.

મહેલના મિનારાઓ ઉપર કાળી ધ્વજાઓ ફરકતી હતી. લોકો શેરીઓમાં ને રસ્તાઓ ઉપર ઊમટી આવ્યા હતા. તેમના ચહેરાઓ પર ચિંતાના વાદળ હતા. બધાં ખૂબ ચિંતાતુર દેખાતાં હતાં.

તે રાતે પ્રબોધક શમૂએલ મૃત્યુ પામ્યા હતા. એમના મૃતદેહને રામામાં દાટવાનો હતો.

દેશના ભાવિ વિશે લોકોનાં મનોમાં ભાર ચિંતા થતી હતી. જો રાજા શાઉલ દાઉદ પર દ્વેષભાવ રાખવાનું ચાલુ રાખશે તો દેશમાં આંતરવિગ્રહ ફાટી નીકળશે. દાઉદને પણ પ્રબોધકના મરણના સમાચાર મળ્યા. શા માટે તેણે તે રાતે પ્રભુની વાણી સાંભળી તે તેને સમજાઈ ગયું.

એના સાથીદારો પણ દાઉદના શોકમાં ભાગીદાર બન્યા. દાઉદે પોતાના સાથીદારોને ભેગા કર્યા. એણે તેમને શમૂએલના જીવન વિશે કહ્યું. પ્રબોધક શમૂએલે કહેલો એકએક શબ્દ તેને યાદ આવતો હતો.

શમૂએલની દફનવિધિ પતી ગઈ. શાઉલને ખબર પડી કે દાઉદ અને તેમના માણસો ઝીફ નામના રણ પાસેની ટેકરીઓમાં છુપાયા છે. ત્રણ હજાર જુવાન લડવૈયાઓને લઈને શાઉલ ત્યાં પહોંચી ગયો. દાઉદને ઘેરી લેવાનો તેણે વ્યૂહ રચ્યો. આ વખતે તે દાઉદને છટકી જવા દેવાનો નહોતો.

રાતે દાઉદે રાજાની છાવણી જોઈ.

તેણે પોતાના સાથીદારોને પૂછ્યું, “મારી સાથે રાજાની છાવણીમાં કોણ આવશે ?” સાથીદારોએ દાઉદને આ સાહસ ન કરવાની વિનંતી કરી. રાજાના તંબૂની આસપાસ તો લશ્કરી વાહનો ખડકાયેલા હતાં. લશ્કરી ટુકડીના કેપ્ટને રક્ષકોની સંખ્યા બેવડી કરી દીધી હતી.

અબીશાઈ દાઉદના સૌથી વફાદાર સાથીઓમાંનો એક હતો. તે ભયને ઓળખતો નહોતો.

"દાઉદ, તમે એકલા જશો નહિ. હું તમારી સાથે આવીશ." અબીશાયે કહ્યું.

ભરવાડના છોકરા તરીકે દાઉદને જે તાલીમ મળી હતી એ તે હજુ સુધી ભૂલ્યો નહોતો. એ અંધારામાં પણ જોઈ શકતો. એનાં આંખકાન પાણીદાર હતાં.

તેઓ ચુપકીદીથી ચાલતા શાઉલનાં લશ્કરી વાહનો પાસે પહોંચ્યા.

તેઓ ઊંઘતા રક્ષકોને વટાવીને શાઉલના તંબૂ પાસે આવ્યા. આબ્નેર અને રાજાના સશસ્ત્ર અંગરક્ષકો ઘસઘસાટ ઊંઘતા હતા.

ફરી એકવાર ઈશ્વરે શાઉલને દાઉદના હાથમાં સોંપી દીધો.

શાઉલના ચહેરા પર ચંદ્રના કિરણો પડતાં હતાં.

અબીશાયે દાઉદને કાનમાં કહ્યું, "હું ભાલાના એક જ ઘાથી આને ભોંય સાથે જડી દઈશ."

પરંતુ દાઉદે તેને અટકાવ્યો. ગુફામાં ઈશ્વરે તેને જે કહ્યું હતું તે દાઉદ ભૂલ્યો નહોતો.

"આપણે પોતાનું રક્ષણ કરવા અસમર્થ એવા માણસને કેવી રીતે મારી શકીએ ? ઈશ્વર તેને સજા કરશે. હું અહીં કંઈ તેની હત્યા કરવા આવ્યો નથી," દાઉદે કહ્યું, "રાજાનો સોનાનો પ્યાલો અને તેમનો ભાલો લઈ લે. પછી આપણે જઈએ."

પછી દાઉદ દૂરની એક ટેકરી પર ઊભો રહ્યો. ત્યાંથી તેણે બૂમ પાડી, "રાજાસાહેબ !"

"રાજા સાહેબ!"

શાઉલ ચમકી ગયો. આ અવાજને ફરીથી સાંભળવાની તેને ઇચ્છા નહોતી. તેણે પોતાના હાથોમાં પોતાનું મોં છુપાવી દીધું.

"હા, એ આપના સેવક દાઉદનો અવાજ છે. શું તમે આપનો સાનાનો પ્યાલો અને ભાલો શોધો છો ? તે મારી પાસે છે. આપના અંગરક્ષકોને મોકલી તે મંગાવી લો."

શાઉલની આખી છાવણી સ્તબ્ધ બની ગઈ. રાજાના સૈનિકો જાણે મંત્રમુગ્ધ બની ગયા હતા. ફાટેલી આંખે તેઓ દાઉદ સામે જોતા હતા. લશ્કરના લોખંડી ઘેરામાંથી રાજાની વસ્તુઓને એ કેવી રીતે ચોરી ગયો ?

આબ્નેર પણ બીજાઓની જેમ ચોંકી ઊઠયો હતો.

દાઉદે તેને કહ્યું, "આબ્નેર, તું તો રાજાના સૈન્યમાં સૌથી મરદ માણસ છે. તેં રાજાનું રક્ષણ કેમ ન કર્યું ? જો, ગઈરાતે, રાજા મારે આધીન હતા. મેં ધાર્યું હોત તો મેં તેમની હત્યા કરી હોત."

શાઉલ ધ્રૂસ્કે ધ્રૂસ્કે રડયો.

"મારા દીકરા દાઉદ, તને ધન્ય છે !"

રાજાએ રડતા રડતાં કહ્યું, "હું હવે કદી તને ઈજા નહિ કરું!"





પણ દાઉદને હવે રાજા ઉપર વિશ્વાસ નહોતો.

શાઉલે દાઉદનો પીછો પકડવાનું મૂકી દીધું નહિ. તેના લશ્કરે ફરી દાઉદના સાથીઓને ઘેરો ઘાલ્યો. લશ્કરે દાઉદને અને તેના સાથીઓને દેશની સરહદ સુધી ધકેલી દીધા. દાઉદ અને તેના સાથીઓ અઠવાડિયાઓથી નાસતા-ફરતા હતા

છેવટે દાઉદે પલિસ્તીઓના દેશમાં આશરો લીધો. પલિસ્તીઓને શાઉલ સાથે દુશ્મનાવટ હતી. દાઉદ પાસે હવે બીજો કોઈ રસ્તો બચ્યો નહોતો. નાસભાગથી તે થાક્યો હતો.

પલિસ્તીઓના જુવાન રાજાનું નામ આખીશ હતું. તેણે દાઉદને પોતાને ત્યાં આશરો આપ્યો. આખીશ શાઉલ અને દાઉદ વચ્ચેની દુશ્મનાવટ વિશે જાણતો હતો. તે દાઉદની બહાદુરી અને ઉદારતાની કદર કરતો હતો. કદાચ તેને એવું પણ લાગ્યું હોય કે ઈઝરાયલીઓની સામેની હવે પછીની લડાઈ તે દાઉદની મદદથી જીતી લેશે.

તેણે દાઉદને સિકલાગ નામના નાના નગરમાં વસવાની પરવાનગી આપી.

દાઉદ સિકલાગમાં એક વર્ષ ને ચાર મહિના રહ્યો.

આ સમય દરમ્યાન આખીશે, શાઉલે સામે બીજું યુદ્ધ કરવાની તૈયારીઓ કરવા માંડી. દાઉદ પલિસ્તીઓને પક્ષે લડે એવું તેમણે નક્કી કર્યું.





પરંતુ ઘણા પલિસ્તીઓને લાગ્યું કે દાઉદે એકવાર તેમના મહાયોદ્ધા ગોલિયાથને મારી નાખ્યો હતો. ઘણા પલિસ્તીઓને દાઉદ પર વિશ્વાસ પડતો ન હતો.

તેમણે કહ્યુ, "દાઉદ તો માત્ર એક ભાગેડું માણસ છે. શાઉલ સામેની લડાઈમાં તેને સાથે આવવા દેવો ન જોઈએ."

રાજા આખીશે પલિસ્તી સરદારોની વાત માની. દાઉદને આનંદ થયો કે હવે એને પોતાના દેશબંધુઓની સામે લડવું નહિ પડે.

આ લડાઈની શાઉલને ભારે બીક લાગતી હતી. એને ડર હતો કે દાઉદ પણ પલિસ્તીઓની સાથે ઈઝરાયેલ સામે લડવા આવશે. દાઉદ એમ પોતાનું વેર વાળશે. પલિસ્તીઓનું લશ્કર પણ વધુ બળવાન હતું.

શાઉલ પહેલો હુમલો કરી શક્યો નહિ. એના લશ્કરે ગિલ્બોઆના ડુંગર પર છાવણી નાખી હતી. ઘણા દિવસોથી શાઉલે પ્રભુને પ્રાર્થના પણ કરી નહોતી. ઘેરી નિરાશામાં ડૂબી જઈને એણે પ્રભુ પાસે કોઈ નિશાની માગી. પરંતુ પ્રભુએ એને કશો ઉત્તર આપ્યો નહિ.

આબ્નેરે રાજાને દિલાસો દેવાનો પ્રયત્ન કર્યો. એ એન્દોર નામના ગામમાં રહેતી, મેલીવિદ્યા જાણતી એક સ્ત્રીને ઓળખતો હતો. કદાચ એ સ્ત્રી રાજા જે જાણવા માગે છે તે વિશે એને કહી શકશે.

અંધારા ઊતર્યા પછી રાજા વેશપલટો કરીને આબ્નેર સાથે નીકળ્યો. કોઈ તેમને ઓળખી ન કાઢે માટે તેઓ વેપારી જેવા વસ્ત્રો પહેરીને તે બાઈ પાસે ગયા.

એ મેલીવિદ્યા જાણનારી બાઈ ઘરડી હતી. તેણે આ બંને માણસો તરફ ધ્યાનથી જોયું. તેમના મોં ઉપર મીણબત્તીનું અજવાળું ફેંક્યું.

"તમે આ મોડી રાતે મારી પાસે શું કરાવવા માંગો છો ?" તે બાઈએ કહ્યું.

શાઉલે અવાજ બદલીને કહ્યું, "મેં સાંભળ્યું છે કે બીજાંઓ જે ન જાણી શકે તે તું જાણે છે. એક મોટું યુદ્ધ ચાલી રહ્યું છે. તેમાં કોણ જીતશે ? શાઉલ પછી ઈઝરાયેલનો રાજા કોણ થશે ?"

ઘરડી સ્ત્રી લાંબા સમય સુધી કશું બોલી નહિ. જે અગ્નિ સળગતો હતો તેની જવાળાઓમાં તે તાકી રહી. સળગતાં લાકડાં ફાટતાં હતાં ને અવાજ કરતાં હતાં. જવાળાઓ અંધારામાં ઓલવાઈ જતી હતી. પેલા બે માણસોના ઊંડા શ્વાસના અવાજો સંભળાતા હતા.

શાઉલ અધીરો બની ગયો.

"જવાબ આપ," રાજાએ કહ્યું, ઘરડી સ્ત્રી તેની નજીક ગઈ.

"મને અંધારામાં આ અગ્નિમાં સત્યની ઝાંખી થાય છે. થોડીવારમાં તમે પણ તે જાણશો. પલિસ્તીઓ આ યુદ્ધમાં જીતશે. નવો રાજા તે દાઉદ હશે."

શાઉલે મોટી ચીસ પાડી. તે જમીન ઉપર લાંબોછટ થઈને પડયો.

પેલી વૃદ્ધ સ્ત્રી હવે તેને ઓળખી ગઈ. તેણે કહ્યું, "મને અગ્નિમાં વાણી સંભળાય છે, તે અવાજે મને સત્ય કહી સંભળાવ્યું છે."

"તું ડાકણ છે ! તું જુઠ્ઠું બોલે છે." આબ્નેરે ગુસ્સામાં કહ્યું.

રાજાને બેઠો કરવા આબ્નેર નીચે નમ્યો.

વૃદ્ધ સ્ત્રી બીજું કંઈ બોલી નહિ. તેણે ધીમેથી બારણા તરફ ઈશારો કર્યો. પોતાને વફાદાર કેપ્ટનના ટેકાથી રાજા બહાર નીકળ્યો. તે પોતાની છાવણીમાં ગયો.

તે ઘરડી સ્ત્રીનું ભવિષ્ય સાચું પડયું.

ગિલ્બાઓના ડુંગર પર પલિસ્તાનીઓ અને ઈઝરાયલીઓ વચ્ચે ખૂનખાર યુદ્ધ ખેલાયું.

શસ્ત્રોના ખડખડાટો, યોદ્ધાઓની રણહાકો અને ઘવાયેલાઓની ચીસો ચારે તરફ સંભળાઈ રહ્યાં. ધરતી લોહીથી લાલ બની.

આ તો એક ભીષણ લડાઈ હતી. લડાઈ મોડી રાત સુધી ચાલી.

પલિસ્તીઓએ વધુ સંખ્યાબળથી શાઉલના લશ્કરને કચડી નાખ્યું.

આબ્નેર બધે ફરીને પોતાના સૈનિકોને પ્રોત્સાહન આપતો હતો. ઘણા માર્યા ગયા હતા.

મૃત્યુને ભેટનારાઓમાં રાજવીકુંવર યોનાથાન પણ હતો.

લડાઈની વચ્ચે આબ્નેર ઘૂંટણે પડયો. તેણે યોનાથાનની આંખો બંધ કરી. મૃત્યુને ભેટેલા રાજકુંવરના એક હાથમાં પોતાના પ્યારા દોસ્ત દાઉદની ગોફણ હતી.

યોનાથાન હણાયો હતો. આ સમાચાર દાવાનાળની માફક ઈઝરાયેલી લશ્કરમાં ફેલાઈ ગયા.

પોતાના અફસરોના હુકમોને અવગણી ઈઝરાયલી સૈનિકો પોતાના જીવ બચાવવા નાઠા.

આબ્નેરે જોયું કે હવે લડાઈ લાંબો સમય નહિ ચાલે.

રાજા ક્યાં છે ?

ભયાનક લડાઈમાં રાજા સાથેનો સંપર્ક તૂટી ગયો હતો.

યુદ્ધના મેદાનમાં શાઉલ રાજા એકલો પડી ગયો હતો.

અચાનક રાજાને સમજાયું કે, દુશ્મનોએ તેને ઘેરી લીધો છે.

"આબ્નેર, મારો વફાદાર આબ્નેર ક્યાં છે ? કયાં છે યોનાથાન ? મારો સૌથી શૂરવીર યોદ્ધો ક્યાં છે ?" રાજાએ બૂમ પાડી.

શાઉલનો લોખંડનો હેલ્મેટ ખોવાઈ ગયો હતો. મરણિયા થઈને એણે દુશ્મનો પર પ્રહારો કરવાનું ચાલુ રાખ્યું. ત્યાં જ એક બાણાવળીના બાણથી તે ઘવાયો અને ધબ્બ થઈને ઘોડા પરથી પડયો.

ઘાયલ થયેલા રાજાને કોઈ પલિસ્તી ઓળખી શક્યા નહિ.

મૃત્યુની સન્મુખ જઈ પહોંચેલા રાજાના શરીર પર થઈને તેઓ પોતાના ઘોડા દોડાવી ગયા. રાત્રિની શાંતિમાં દુશ્મનોના વિજયઘોષ ચારે તરફ પડઘાતા હતા.

ગંભીર રીતે ઘાયલ થયેલો શાઉલ ગમે તેમ કરીને એક ઝાડ નીચે ઘસડાઈને પહોંચ્યો. તેના મોંમાંથી શબ્દો સરી પડયા : "દાઉદ.. દાઉદ... મેં તને... ઘણો અન્યાય કર્યો છે.. હું હાર્યો છું.. .. તું... રાજા..."

રહ્યું સહ્યું બળ વાપરીને તેણે પોતાની લાંબી તલવાર ખેંચી. પછી તેણે તલવાર પર પડતું મૂક્યું.

બચેલા લશ્કર સાથે આબ્નેર ગિબ્યા પહોંચ્યો. બહાદુરીથી તેણે રાજમહેલનો બચાવ કર્યો. મહેલની દિવાલો મજબૂત હતી. પલિસ્તીઓ તેમને તોડી શક્યા નહિ.

આબ્નેર પોતાના માલિકની પાછા ફરવાની વાટ જોતો હતો. પણ રાજા પાછા ફર્યા નહિ.

શું કોઈએ રાજાજીને જોયા નથી ?













કોઈની પાસે કશો જવાબ ન હતો.

યરદન નદીના દૂરને છેડેથી દાઉદ આ યુદ્ધ નિહાળતો હતો.

રણક્ષેત્ર પર ભયાનક ને લોહિયાળ દૃશ્યો સર્જાયા હતાં. હજારો માણસો મૃત્યુ પામ્યા હતા. હજારો ઘવાઈને ત્યાં પડયા હતા.

વહેલી પરોઢે એક સંદેશાવાહક દાઉદ પાસે દોડતો આવ્યો. એણે દાઉદને શાઉલ અને યોનાથાનના મોતના સમાચાર આપ્યાં. ભારે આઘાત પામીને દાઉદે પોતાનાં વસ્ત્રો ફાડયાં. દાઉદે ભારે વિલાપ કર્યો.

શોકાતુર થઈને દાઉદના સાથીએ દાઉદનું રૂદન સાંભળ્યું.

આ તો એક મહાન દર્દભર્યું ગીત હતું. દાઉદના સાથીદારો જીવનભર એ મરશિયો ભૂલી શક્યા નહિ.

"ઓ ગિલ્બોઆના ડુંગરો, તમારા ઉપર વરસાદ કે ઝાકળ ન પડો.

ત્યાં વીરપુરુષોની ઢાલો અપમાનિત થઈને પડી છે. યોનાથાનનું ધનુષ્ય કદી પાછું પડતું નહિ.

શાઉલની તલવાર કદી નિરર્થક પાછી ફરતી નહિ. ઓહ! શાઉલને યોનાથાન તો ગરુડો કરતાં વેગીલા હતા. શાઉલ અને યોનાથાન ગરુડો કરતાં વધુ બળવાન હતા. તેઓ તો સિંહો કરતાં બળવાન હતા. ઓહ, યોનાથાન, તારે માટે મારું હૃદય

દ્રવી ઊઠે છે ! ઓહ, યોનાથાન, મારા ભાઈ યોનાથાન, મારા માટેનો તારો પ્રેમ કેવો અદ્‌ભુત હતો !"

શોકગ્રસ્ત દાઉદ પોતાના ભાઈઓ અને સાથીઓ સાથે બેથલેહેમ પાછો ફર્યો.

સંઘર્ષનો હજી અંત આવ્યો નહોતો.

આબ્નેર પોતાના રાજાને વફાદાર રહેવા માગતો હતો. તેણે ઈઝરાયલી લોકોને કહ્યું, "તમારે દાઉદને નહિ પણ યોનાથાનના ભાઈ ઈશબોશેથને તમારો રાજા થવા માટે પસંદ કરવો જોઈએ."

લોકો કોનું માને ?

કેટલાકે દાઉદને પસંદ કર્યો. કેટલાકે ઈશબોશેથને.

દાઉદના કુટુંબ વચ્ચે અને શાઉલનાં કુટુંબ વચ્ચે ઘણા સમય સુધી યુદ્ધો ખેલાતાં રહ્યાં. છેવટે આબ્નેરને લાગ્યું કે, આનાથી તો ઈઝરાયેલી પ્રજામાં બે ભાગલા પડી જશે અને તેથી તો પ્રજાની શક્તિ ઘટી જશે, દેશ પાયમાલ થશે.

હવે એક જ રાજા માટે સિંહાસન ખાલી રાખવું પડે, અને તે રાજા માત્ર દાઉદ હોઈ શકે.

નમ્રતાપૂર્વક આબ્નેરે ઈશ્વરની યોજના સ્વીકારી. તે દાઉદ પાસે ગયો અને સમગ્ર ઈઝરાયેલી પ્રજાના રાજા થવા માટે દાઉદને વિનંતી કરી. ઈર્ષ્યા અને દ્વેષનો કાયમી અંત જરૂરી હતો.

હવે દાઉદ ત્રીસ વર્ષનો થયો હતો.

સમગ્ર ઈઝરાયેલનો રાજા બનીને તે ગિબ્યાના મહેલમાં પાછો ફર્યો.

મિખાલ તેની વાટ જોતી હતી. આનંદના માર્યા તે રડી પડી.

તેમના લગ્નના દિવસે કર્યું હતું તેમ લોકો રસ્તાઓ પર અને શેરીઓમાં ઊમટી પડયા. રાજમહેલની બહાર પણ લોકોના ટોળાં આનંદથી બૂમો પાડતા હતા.

"દાઉદ ! દાઉદ ! દાઉદ !"

પ્રાર્થનાની જેમ દાઉદનું નામ આકાશની અટારીઓ સુધી ઊંચે ગુંજતું હતું.

દાઉદની આગળ એક મહાન સેવા હતી. મહાન કામો હતાં. ઘણાં વર્ષો પહેલાં પ્રબોધક શમૂએલે તેના માથા પર તેલ રેડયું હતું. તેનો અભિષેક કર્યો હતો. એનાથી તો દાઉદનો ડર ભાગી ગયો હતો. એ સંપૂર્ણ નીડર બન્યો હતો.

દાઉદે પ્રાર્થના કરી. "હે પ્રભુ, એવું થવા દો કે તમારા લોકોની સેવા કરવા હું સમર્થ બનું, ડાહ્યો બનું અને છતાં વિનમ્ર બનું, મારી સહાય કરો."

પ્રભુએ ઉત્તર આપ્યો, "દાઉદ, મેં તને પસંદ કર્યો છે."

★ ★ ★

**BAHADUR GOVALIYO**

By : Rev. Max Bollinger

Translated by : Bhagwatprasad Chauhan



ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના સ્થાપક-પથદર્શક

**રેવ. ડૉ. જેમ્સ ગ્લાસગો**

1852 2002

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

સાર્ધ શતાબ્દી

Published and Distributed by :

**GUJARAT TRACT AND BOOK SOCIETY**

Sahitya Seva Sadan, Near Gujarat College,

Ellisbridge, Ahmedabad - 380006. INDIA.

Designed and Printed by : JENSON COMPUTERS, AHMEDABAD-8. PH. 30913057